સુવિચાર
''સંતાનો આપણાં આદેશથી નહીં, આપણાં આચરણથી સંસ્કારિત બનતા હોય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૧૦/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

અમરેલી એક્સપ્રેસ
જીવનમાં ભૂલ થાય એ ખોટુ નથી પણ, એ ભૂલમાંથી કંઈ જ શીખાય નહીં એ ખોટુ છે
ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
અમરેલી એક્સપ્રેસ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ કારતક સુદ-૬ વર્ષ : ૧૬ અંક : ૨૬૬


### અમરેલી જિલ્લાનાં લગભગ દરેક વિસ્તારમાં સિંહોનાં આંટાફેરા વધ્યા

# ચિત્તલ પંથકમાં સૌપ્રથમ વખત સિંહે શનિ, રવિમાં આંટાફેરા કરતાં ચકચાર મચી

## કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ પણ સિંહો પર નજર રાખવામાં વનવિભાગ નિષ્ફળ

ચિત્તલ, તા. ૨૭

નવા વર્ષના દિવસોમાં જુના વડીલોને યાદ છે ત્યાં સુધી ચિત્તલ જસવંતગઢના ગ્રામ્ય વિસ્તારો પંથકમાં આશરે ઘણા વર્ષોથી કથોપકથિત અફવાઓને બાદ કરતા આજ સુધી



વન્ય પ્રાણી સિંહ જાહેરમાં લટાર મારતો કદિ જોવા મળ્યો નથી. ત્યારે સત્તાવાર રીતે મળતી માહીતી મુજબ તારીખ ૨૫/૧૦/૨૫ને શનિવારની મધ્યરાત્રી આશરે ૧ થી ૨ વાગ્યાના

અનુસંધાન પાના ૬ ઉપર





અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪









જોઈએ છે... જોઈએ છે... જોઈએ છે...
શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ચલાલા દ્વારા સંચાલીત
ગાયત્રી એજયુકેશન ગ્રુપમાં
નીચે મુજબ વિવિધ સ્ટાફની ભરતી કરવાની હોય તો જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખ ૨૭/૧૦/૨૦૨૫થી દિન-૦૯ માં આપેલ વોટ્સએપ નંબર : ૯૩૧૩૭ ૦૭૩૯૦ પર રિઝયુમ મોકલી આપવા વિનંતી.

- પ્રિન્સીપાલ-(અંગ્રેજી, સંસ્કૃત જાણકાર) સંસ્કૃત શકિત ગુરૂકુળ માટે
- પ્રિન્સીપાલ-(બહેન)-(કમ્પ્યુટર જાણકાર)ગાયત્રી સંસ્કાર વિધાલય માટે
- P.T.C.ટીચર-(બહેન) (ગણિત, અંગ્રેજી, ગુજરાતી, સમાજ)
- ગૃહમાતા - રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલની દીકરીઓ માટે
- P.T ટીચર- (બહેન) રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલ માટે
- ગણિત ટીચર- (બહેન)રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલમાં અંગ્રેજી મીડીયમ ભણાવી શકે તેવા
- નિવૃત આર્મીમેન અથવા NCC - (બહેન/ભાઈ)
- રસોયા - (રાજસ્થાની)
- નિવૃત અધિકારી - (સંસ્થાની ઓફીસ સંભાળી શકે તેવા)
- કમ્પ્યુટર ઓપરેટર - (બહેન)
- ફોટોગ્રાફી - વિડીયોગ્રાફી તથા એડીટીંગના જાણકાર
- એકાઉન્ટન્ટ - સંસ્થાનું એકાઉન્ટ સંભાળી શકે તેવા


- ઉચ્ચ પગાર સાથે રહેવા - જમવાની વ્યવસ્થા સંકુલ તરફથી આપવામાં આવશે.
- યુનિફોર્મ પણ સંસ્થા તરફથી આપવામાં આવશે.
- રૂા.૨૦,૦૦,૦૦૦/- (વીસ લાખ) નો અકસ્માત વીમો સંસ્થા તરફથી આપવામાં આવશે.
- જાહેરાત પ્રસિધ્ધ થયાની તા.૨૭/૧૦/૨૦૨૫ થી દિવસ-૬ માં આપેલ વોટ્સએપ નંબર ૯૩૧૩૭ ૦૭૩૯૦ પર રિઝયુમ મોકલી આપવા વિનંતી.

પૂ.સંતશ્રી ડો. રતિદાદા (મેનેજીંગ ટ્રસ્ટી)
યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ચલાલા
ધારી રોડ, મીઠાપુર (ડું.), ચલાલા, તા.ધારી, જી.અમરેલી-૩૬૫૬૩૦
(મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭/૯૪૨૯૮ ૩૮૦૧૭)









શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

વડીલોના રહે આશીર્વાદ સદા થાય ખુશીઓનો વરસાદ, કરીએ નમન પ્રભુને
આપજો અમને પ્રતિસાદ, વિતે શુભમય આપનું વર્ષ પ્રભુને પ્રાર્થના એવા આપજો
આશીર્વાદ આપને અને આપના પરિવારને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

: શુભેચ્છક :
શ્રી હિંમતભાઈ સોળીયા (પ્રમુખ)
શ્રી દયાળભાઈ સંઘાણી (ઉપપ્રમુખ)
શ્રી ચંદુભાઈ વોરા (મહામંત્રી)
શ્રી મહેશભાઈ જાવિયા (મંત્રી)
શ્રી જયસુખભાઈ પાનેલીયા (સહમંત્રી)
શ્રી હિરેનભાઈ રાસડીયા (ખજાનચી)
શ્રી મનસુખભાઈ ચૌહાણ (ખજાનચી)
શ્રી ચંદુભાઈ ખણેશા (સહખજાનચી)
શ્રી દિપકભાઈ મહેતા (ઉપપ્રમુખ)
શ્રી રાજુભાઈ શીયાણી (ઉપપ્રમુખ)
શ્રી સંજયભાઈ વાગડીયા (મહામંત્રી)
શ્રી દિવ્યેશભાઈ તળાવીયા (મંત્રી)
શ્રી વિજયભાઈ કાછડીયા (સહમંત્રી)
શ્રી જયંતિભાઈ મનાણી (ખજાનચી)
શ્રી જયસુખભાઈ દેવાણી (સહખજાનચી)

: સલાહકાર સમિતિ :
શ્રી કેનીભાઈ રામાણી
શ્રી જયંતિભાઈ ડોબરીયા
શ્રી બ્રિજેશભાઈ સંપટ
શ્રી પારસભાઈ છત્રોલા
શ્રી સુધિરભાઈ પોકિયા
શ્રી જતીનભાઈ ચંદારાણા
શ્રી ચુનીભાઈ ગજેરા
શ્રી શરદભાઈ ધાનાણી
શ્રી ભરતભાઈ નવાપરીયા
શ્રી સંદિપભાઈ ઉભડા
શ્રી જગદિશભાઈ કે.ટાંક
શ્રી ચંદુભાઈ મેતલીયા
શ્રી નરેશભાઈ કાવઠીયા
શ્રી વિપુલભાઈ બાંભરોલીયા

તેમજ તમામ કારોબારી સદસ્યશ્રીઓ
શ્રી અમરેલી બિલ્ડર એસોસિએશન

## દર વર્ષે કુદરતી આફત ત્રાટકતાં જગતાત ગણાતા ખેડૂતોને શું કરવુ તેની ચિંતા

# ખાંભા પંથકમાં કમોસમી વરસાદથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ

**શહેરની ધાતરવડી નદીમાં ઘોડાપુર આવતા ફફડાટ ફેલાયો**

**રબારીકા, સાળવા, ધુંધવાણા, ધાવડિયા, ભાવરડી, ડેડાણમાં વ્યાપક નુકસાન**

**ખેડૂતોને મોંએ આવેલ કોળીયો ઝુંટવાઈ જતાં સૌ પરેશાન**

**કુદરતી આફતો સહન કરીને ખેડૂતો સતત આર્થિક દેવામાં ફસાઈ રહ્યા છે**



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૨૭

હવામાન વિભાગની આગાહીના પગલે ખાંભા શહેર અને ગીર પંથકમાં મોડી રાતથી કમોસમી વરસાદ ધોધમાર ખાબકતા ખાંભા શહેરની ધાતરવડી નદી બે કાંઠે વહી રહી છે. ત્યારે ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર રબારીકા, સાળવા, ધુંધવાણા, ધાવડિયા, ભાવરડી, ડેડાણ, દિવાન સરાકડીયા સહિત ગામો કમોસમી શોધમાં વરસાદ પડવાના પગલે તાતણીયા ગામની નદીમાં પુર આવ્યું હતું. મોટાભાગના નદી નાળા સહિતના પૂર આવતા નદીઓ વહેતી થઈ હતી. ત્યારે કંઈકને કંઈક આ કમોસમી વરસાદ ખેડૂતોની બરબાદીનો વરસાદ હોય તેવું લાગી રહ્યું છે. જાણે કે ખેડૂતોને મગફળી, કપાસનો પાક મગફળીયા પાતરા સહિત ખેતરમાં પડયા હતા અને અચાનક જ વરસાદ ખેડૂતોનો મગફળીનો પાક નિષ્ફળ ગયેલો છે. જાણે કે ખેડૂતો પર કુદરત રૂઠયો હોય તેવું ખેડૂતો જણાવી રહ્યા છે. દર વર્ષે ખેડૂતોને આવા માવઠાનો માર સહન કરવો પડે છે અને પાકમાં મોટા પ્રમાણમાં નુકસાની ખાવાનો વારો આવે છે. ત્યારે ખેડૂતો દિવસે દિવસે દેવામાં ડૂબતો જાય છે ત્યારે ખેડૂતો એક સરકાર પાસે સહાયની માંગ કરે છે. સરકાર દ્વારા સર્વે કર્યુ તેને વળતર આપેલ ખેડૂતોની વારે આવે તેવી ખેડૂતો એક માંગ કરી રહ્યા છે.

ખાંભા તાલુકાનો રાયડી ડેમ ઓવરફલો થતા રાયડી ડેમના પાંચ જેટલા દરવાજા ખોલવામાં આવ્યા હતા અને પાણીને નદીમાં વહેતું કરવામાં આવ્યું હતું. ત્યારે ડેમ નીચે આવતા ગામડાઓને એલર્ટ કરવામાં આવ્યા હતા. બારમણ, સોતરા, મોટા બારમણ, મીઠાપુર ગામો એલર્ટ કરવામાં આવ્યા છે અને રાયડી ડેમ નીચેના નદીમાં કોઈ અવર–જવર ન કરવાની પણ તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે.

### લાઠીના ભીંગરાડ ગામે બની હતી ઘટના

## પત્નીની હત્યા કરનાર પતિને ગણતરીની કલાકોમાં ઝડપી લેવાયો

**આરોપી મુકેશ ભુરીયા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં પરપ્રાંતિય લોકો ખેત મજુરી તથા અન્ય કામ માટે આવી વસવાટ કરતાં હોય છે. ત્યારે આવા કેટલાંક પરપ્રાંતિય લોકો ગુન્હાઓ આચરી અને પોતાના વતન તરફ નાશી જતાં હોય પોલીસે આવા ગુન્હેગારોને ઝડપી પાડવા માટે દમ આવી જતો હોય છે. ત્યારે લાઠીના ભીંગરાડ ગામની સીમમાં થયેલ મર્ડર કેસના આરોપી પતિને લાઠી પોલીસે ગણતરીની



કલાકોમાં પકડી પાડી પકડી પાડી આગળની કાયદેસર કાર્યવાહી કરેલ હતી.

આ બનાવમાં મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાના ભીંગરાડ ગામની સીમમાં બાલાભાઈ ગોસાઈની વાડીએ રહેતા દિપલાભાઈ રામાભાઈ વસુનિયાની બહેન સમલીને તેણીના પતિ મુકેશ મીરીયા ભુરીયા (રહે. મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાના ભીંગરાડ ગામની સીમમાં) સાથે અવાર–નવાર બોલાચાલી અને ઝગડો થતો હોય, જેના કારણે તેણીના પતિએ ઉશ્કેરાઈ જઈ આરોપી મુકેશે ગઈકાલ રાત્રે તેમની પત્નિ સમલીને કોઈ હથીયાર વડે આખા શરીરે માર મારી મુંઢ ઈજા કરી અથવા ગળુ દબાવી દઈ મોત નિપજાવી દીધાની મૃતક પરણીતાના ભાઈએ આજે વ્હેલી સવારે લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

જે અન્વયે લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. એસ.એમ. સોનીના માર્ગદર્શન નીચે લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારના ભીંગરાડ ગામની સીમમાં બનેલ મર્ડરના ગુન્હાના કામે આરોપી મુકેશ મીરીયા ભુરીયાને હ્યુમન તથા ટેકનીકલ સોર્સ આધારે ગણતરીની કલાકોમાં પકડી પાડી આગળની કાયદેસર કાર્યવાહી કરેલ હતી.

### અજાણ્યા કાર ચાલક દ્વારા

## વાંકીયા–તરવડા માર્ગ ઉપર વીજપોલને નુકસાન કરાયુ

**વીજકર્મીએ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૭

કોઈ અજાણ્યા ફોર વ્હીલ ચાલકે પોતાના હવાલાવાળી ફોર વ્હીલ નં. જી.જે.–૧૯ બી.એ.–૮૧૨૪ ગત તા. ૨૨ ના રોજ રાત્રીના આશરે ૧૦ વાગ્યે અમરેલી તાલુકાના વાંકીયા–તરવડા રોડ ઉપર આવેલ ઈલેકટ્રીક જયોતિગ્રામ લાઈનના થાંભલા સાથે ફોરવ્હીલ પુરઝડપે બેફીકરાઈથી ચલાવી ઈલેકટ્રીક થાંભલા સાથે ભટકાવી પોલ નીચે પાડી નાંખી રૂપિયા ૬૫૦૦નું નુકસાન કર્યાની અમરેલી તાલુકા પોલીસમાં પીજીવીસીએલ નોકરી કરતાં નિતીનભાઈ મનુભાઈ ભવાણીએ નોંધાવી છે.

## બાબરીયાધાર ગામની સીમમાં થયેલ રોટાવેટર ચોરીના ગુનાનો ભેદ ખુલ્યો



અમરેલી, તા. ૨૭

રાજુલા તાલુકાના બાબરીયાધાર ગામે નિશાળની પાસે રહેતા અને ખેતી કામ કરતા રાજુભાઈ દેવાતભાઈ નકુમની માલીકીની વાડીમાંથી ગત તા. ૨૧/૯/૨૦૨૫ ના બપોરના આશરે ત્રણક વાગ્યાથી તા. ૨૯/૯/૨૦૨૫ ના સવારના દસ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે બાબરીયાધાર ગામે આવેલ વાડીના ખાતા નં. ૭૭૩ છે અને જેનો સર્વ નં. ૭૮ પૈકી ૧ જે ગડબા વાળી નામની વાડીમાં પડેલ કોઈ અજાણ્યો ચોર ઈસમ રોટાવેટર કિમત રૂપિયા ૪૮.૭૦૦ની ચોરી કરી લઈ ગયાની જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાય હતી.

જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે એ.ડી.ચાવડાની સુચના અને માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ ધ્વારા ટેકનીકલ એનાલીસીસ તથા હ્યુમન સોર્સીસ આધારે ઉપરોકત ગુનાને અંજામ આપનાર મહુવા તાલુકાના લખુપરા ગામે રહેતા જયરાજભાઈ કેશુભાઈ જાજડા તથા મહુવા તાલુકાના ગુજરડા ગામે રહેતા ધનજીભાઈ વેલાભાઈ જેઠવા નામના બે આરોપીને પકડી પાડી અને ચોરીમાં ગયેલ રોટાવેટર રીકવર કરી ગુનાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી કરેલ.

### ગણતરીની કલાકોમાં આરોપી ઝબ્બે

## રાજુલામાંથી કોપર વાયરની ચોરી કરનાર ૨ પુરૂષ, ૨ મહિલા ઝડપાયા

**પોલીસે ૭૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૨૭

રાજુલા ગામે જાફરાબાદ રોડ ઉપર આવેલ હોટલ પ્રેસીડેન્ટની સામે બંધન બેંક વાળી શેરીમાં રહેતા અને આલ્ફા દેવરાજ રીન્યુબલ એલએલપી માં સ્ટોર ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા નસરૂભાઈ દાઉદભાઈ દોસાણીની કંપનીના સ્ટોરને એક બાજુથી દીવાલ તથા બીજી તરફથી તાર ફેન્સીંગથી બંધ કરેલ છે અને આવવા જવા માટે માત્ર એક ગેટ રાખેલ છે. તે કંપનીની માલીકીના સ્ટોરમાં ગત તા. ૨૩ના રોજ ધોળા દિવસે ૧૦થી ૧૨:૩૦ વાગ્યા દરમ્યાન સોલાર પ્લેટમાં ઉપયોગમાં લેવાનો પોલીસકેપ કંપનીના ૨૦૦૦ મીટરના ડ્રમમાંથી કોપરનો વાયર આશરે ૫૦૦ મીટર કિંમત રૂપિયા ૩૫.૦૦૦ નો કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ હતી.

જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે એ.ડી.ચાવડાની સુચના અને જરૂરી માર્ગદર્શન હેઠળ ચોરી થયેલ મુદ્દામાલની તપાસ દરમિયાન ગુન્હાને અંજામ આપી નાસી ગયેલ આરોપીઓ અંગે રાજુલા પોલીસ ટીમને મળેલ ચોકકસ બાતમી તથા ટેકનીકલ તથા હ્યુમન સોર્સ આધારે રાજુલા ટાઉન વિસ્તારમાંથી આ બનાવમાં ચોરીમાં



ગયેલ લાલ તથા કાળા રંગનો પોલીસકેબ કંપનીનો કેબલ વાયર ૫૦૦ મીટર કિંમત રૂપિયા ૩૫.૦૦૦ તથા એક છકડો રિક્ષા નંબર. જીજે–૧૪ યુ–૩૫૪૩ કિંમત રૂપિયા ૪૦.૦૦૦ મળી રૂપિયા ૭૫ હજારના મુદ્દામાલ સાથે રાજુલા ગામે તત્વ જયોતિ વિસ્તારમાં રહેતા અને હાલ છતડીયા વાળા આરોપી દિલીપભાઈ મોહનભાઈ ચુડાસમા તથા પ્રદિપભાઈ મોહનભાઈ ચુડાસમા તેમજ મધુબેન મોહનભાઈ નાનજીભાઈ ચુડાસમા તથા મનીષાબેન દિલીપભાઈ મોહનભાઈ ચુડાસમા સહિત એક જ પરિવારના બે પુરૂષ તથા બે સ્ત્રીઓને ગણતરીની કલાકોમાં પકડી પાડી ચોરીની ભેદ રાજુલા પોલીસે ઉકેલી નાખ્યો હતો.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શિવ ફરસાણ (ધારીવાળા)

સ્પે. નાયલોન ખમણ
ખમણ હાજરમાં મશળે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## જિલ્લાનાં ધારાસભ્યો, પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્ય સહિતે મદદ કરવા કરી માંગ

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી ખેતીપાકોને વ્યાપક નુકસાન

**વ્યાપક વરસાદથી ખેતી પ્રધાન જિલ્લાનાં અનેક વિસ્તારોમાં તૈયાર થયેલ પાકોને વ્યાપક નુકસાન**

**લોહી-પાણી એક કરીને તૈયાર કરેલ કિંમતી પાક બરબાદ થતાં ખેડૂતો ચિંતિત**

**ખેતીપાકોને થયેલ નુકસાન અંગે તાત્કાલિક સર્વે કરી ખેડૂતોને ઝડપથી આર્થિક મદદ કરવાની માંગ**

**ધારાસભ્ય કસવાલા, તળાવીયા, પૂર્વ સાંસદ કાછડીયા, પૂર્વ ધારાસભ્ય દુધાત, ભાજપા પ્રમુખ કાનાણી, કોંગ્રેસ પ્રમુખ પંડયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**







અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં થયેલ કમોસમી વરસાદથી ખેતીપાકોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થતાં સત્તાધારી પક્ષ અને વિપક્ષી આગેવાનોએ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર પાઠવીને તાત્કાલિક ખેતીપાકોમાં થયેલ નુકસાનીનું સર્વે કરી ઝડપથી ખેડૂતોને આર્થિક વળતર આપવા માંગ કરી છે.

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલા, લાઠી-બાબરાનાં ધારાસભ્ય જનક તળાવીયા, પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, ભાજપા પ્રમુખ અતુલ કાનાણી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમરેલી કોંગ્રેસ પ્રમુખ સંદિપ પંડયાએ મુખ્યમંત્રીને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં તાજેતરમાં ભારેથી અતિભારે કમોસમી (માવઠા)નાં વરસાદના કારણે ખેડૂતોનો તૈયાર થયેલ પાક જેવા કે, મગફળી, કપાસ, ડુંગળી, કઠોળ વગેરેના પાકો સદંતર નાશ પામેલ છે જેના કારણે ખેડૂતોને ગંભીર નુકસાન થયેલ છે. હાલ પણ કમોસમી વરસાદ ચાલુ છે જે ખૂબ જ ચિંતાજનક બાબત ગણાય અને જેના કારણે ખૂબ જ મોટા પ્રમાણમાં ગંભીર અસર જોવા મળેલ છે.

આ કમોસમી વરસાદના કારણે ચોમાસાની સીઝનમાં તૈયાર થયેલ પાક ખેડૂતોના ખેતરમાં પડેલ હતો અને ખેડૂતો તે પાકને લણવાની કામગીરી ચાલુંમા હોય તે દરમ્યાન અચાનક આ ભારેથી અતિભારે કમોસમી (માવઠા) ૧૦ થી વધુ ઈંચ સુધી વરસાદ પડયાના સમાચાર મળેલ છે. આ વરસદાનાં કારણે ખેતીના પાક સંપૂણ નાશ પામેલ છે. જેના કારણે ખેડૂતોને આકી ન શકાય તેટલું ગંભીર આર્થિક રીતે નુકસાન થયેલ છે જે ચિંતાજનક બાબત છે.

આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોને થયેલ આર્થિક નુકસાન ખેડૂતોને સહન ન કરવુ પડે તે માટે વરસાદ રોકાયા બાદ તાત્કાલિક સર્વે કરાવી ગોગ્ય મદદરૂપ થવું ખૂબ જ આવશ્યક જણાય છે. તો આ બાબતે જરૂરી સર્વે કરાવી ખેડૂતોને થયેલ નુકસાનના વળતર ચુકવવા અંતમાં માંગ કરેલ છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241



















લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા

મહાજન સીસીટીવી

રેન્ટલ સર્વિસ — ઉપલબ્ધ સુવિધાઓ — સેલ્સ & સર્વિસ

| | |
|---|---|
| પ્રોજેક્ટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ |
| ૫૫'' ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન |
| લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ |
| P.A. (માઈક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક |
| કોર્ડલેસ માઈક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ) |
| માઈક સીસ્ટમ ઈન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર |

કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેક્ટ) 90 812 34 307

શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલ્ટન્ટ) 90 812 34 308

૧૩૭, ફર્સ્ટ ફ્લોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

Helpline : 95 86 86 86 49












### દિવાળીની રજા પુર્ણ થતા

# બાબરાનાં માર્કેટયાર્ડમાં ૩ હજાર મણ કપાસની ધીમી આવક

## વરસાદી માહોલમાં આવક ઓછી



બાબરા, તા. ૨૭

બાબરામાં માર્કેટીંગયાર્ડમાં દિવાળીની એક સપ્તાહનું વેકેશન પૂર્ણ થતાં કપાસની સારી આવક થવાંની આશા યાર્ડ તેમજ વેપારીઓ દ્વારા રાખવામાંઆવીહતી પણ દિવાળી ઉપર વરસાદનું વાતાવરણ જામતા અને વાવાઝોડા અને વરસાદની આગાહી હોવાથી યાર્ડ દ્વારા ખેડૂતોને કપાસ ઢાંકીને લાવવાની અગાવ સૂચના આપી હતી જેથી સોમવારે યાર્ડ ખુલતા ખેડૂતો વાહનમાં કપાસને ઢાંકી લાવ્યા હતા જોકે બાબરામાં રવિવાર સાંજથી વરસાદ રહેતા મોટાભાગના ખેડૂતો પોતાનો કપાસ લઈને આવ્યા નોહતા તેમ છતાં કપાસ ભરેલા વાહનની લાંબી લાઈન લાગી હતી અને શેડમાં કપાસના ઢગલા પણ જોવા મળ્યા હતા.

યાર્ડના સેકેટરી અજયભાઈ પંડયાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર ગુજરાતમાં અને તેમાં ખાસ કરી અમરેલી જિલ્લામાં ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી હોવાથી બાબરામાં પણ તેની ખૂબ અસર જોવા મળી વરસાદ શરૂ રહેતા સોમવારે સમયસર હરાજી શરૂ થઈ નોહતી પણ એક બે કલાક વરસાદ વિરામ લેતા યાર્ડમાં ફટાફટ હરાજી શરૂ કરાઈ હતી અને તાત્કાલિક ખેડૂતો ને અને વેપારીઓ ને સુચના આપવામાં આવી હતી કે આગામી દિવસોમાં વરસાદનું વાતાવરણ હોવાથી યાર્ડમાં કપાસ સહિત કોઈપણ ખેતજણસ લાવવી નહિ હરાજીનું કામ અચોક્કસ મુદ્દત સુધી બંધ રાખેલ છે

યાર્ડમાં આજે ૩૦૦૦ હજાર મણ કપાસની આવક અને ૧૩૫૦ થી ૧૫૫૦ સુધી કપાસનો ભાવ રહ્યો હતો

### શહેર ભાજપ અગ્રણી મુકેશભાઈ ખોખરીયાની માંગ

# બાબરા : ખેતિ પાકોમાં થયેલ નુકસાનનું સર્વે કરી સહાય કરો

## સાંસદ અને ધારાસભ્યને પત્ર પાઠવ્યો

બાબરા, તા. ૨૭

બાબરા તાલુકામાં રવિવાર સાંજથી સતત કમોસમી વરસાદ પડતાં ખેડૂતો ને મગફળી અને કપાસ સહિતના પાકોમાં ખૂબ નુકસાન થયું છે. કપાસના ફાળ ખરી ગયા છે તેમજ મગફળીના પાથરા પલળી જતા ખેડૂતોને કશું હાથમાં રહ્યું નથી. જે રીતે પાકનું ઉત્પાદન થયું હતું તેમ કમોસમી અને માવઠાના કારણે ખેડૂતો ને પાકમાં ખૂબ નુકસાન થતા ખેડૂતોની હાલત કફોડી બની છે અને કાલી મજુરી કરી પકેવેલ પાકમાં પાણી ફરીવળતા આર્થિક ફટકો પડયા છે.ત્યારે બાબરા શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા દ્વારા ખેડૂતો ને



તાત્કાલિક અસરથી આર્થિક સહાય મળ તે માટે રાજય સરકાર દ્વારા તાબડતોબ સેટેલાઈટ સર્વે હાથ ધરવામાં આવે તેવી રજુઆત ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાને પત્ર લખી કરવામાં આવી છે.

### ગુજરાતમાં ફરી ખેડૂત આંદોલન સળગશે

# કડદા પ્રથા બંધ કરવાની માંગ સાથે ખેડૂતો ફરી રસ્તા ઉપર ઉતરશે

## આ મુદ્દો હવે સૌરાષ્ટ્ર વ્યાપી બને તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે

સુરેન્દ્રનગર, તા. ૨૭

સૌરાષ્ટ્રમાં ફરી એકવાર ખેડૂતોનું આંદોલન થવા જઈ રહ્યું છે, જેમાં બોટાદવાળી થવાનો ડર છે. સૌરાષ્ટ્ર એ ખેડૂતોના આંદોલનનું એપી સેન્ટર બની રહ્યું છે, જ્યાં કદડા પ્રથા બંધ કરવા માંગ ઉઠી રહી છે. હવે જોવું એ રહ્યું કે, ગુજરાતમાં ખેડૂત આંદોલન કેવું અને કેટલુ સળગશે, અને આંદોલનની આ આગના પડઘા ગુજરાત સરકાર સુધી પહોંચશે કે નહિ. સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકામાં આજે ખેડૂતોનો રોષ ફાટી નીકળ્યો હતો. બોટાદ જિલ્લાના હડદડ ગામમાં ખેડૂતો પર થયેલા દમન અને અન્યાય સામે કિસાન એકતા મંચ ગુજરાતના નેજા હેઠળ મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહી મૂળી મામલતદાર કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરી હતી.

ખેડૂતોના આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી અનેક માંગણીઓ રજૂ કરી હતી. આવેદનપત્રમાં જણાવ્યા પ્રમાણે કપાસના પાકની ખરીદી વખતે વેપારીઓ દ્વારા ખેડૂતોને મળતા ભાવમાં થતો કડદા તાત્કાલિક રીતે બંધ કરાવવો, તેમજ સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે નક્કી કરાયેલી ૭૦ મણની લિમિટ વધારીને ઓછામાં ઓછું ૨૫૦ મણ કરવામાં આવે તેવી મુખ્ય માંગણી રાખવામાં આવી હતી. તે ઉપરાંત બોટાદના કડદા ગામમાં ૮૫ ખેડૂતો સામે ખોટા કેસો દાખલ કરી દમન સહિત કાર્યવાહી કરનાર અધિકારીઓ સામે કડક પગલાં લેવા, નિર્દોષ ખેડૂતોને ન્યાય મળે અને પોલીસ દ્વારા પરિવાર સાથે કરાયેલા દમનની તપાસ થાય તેવી માંગ સાથે અવેદનપત્ર પાઠવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન કિસાન એકતા મંચના આગેવાનોએ જો ખેડૂતોને ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં વિશાળ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. મૂળ મામલતદાર કચેરી આગળ ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ખેડૂતો દ્વારા ઉગ્ર રોષ ઠાલવવામાં આવ્યો હતો.

કિસાન એકતા મંચના પ્રતિનિધિઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ લડત ખેડૂત હક માટેની છે અને ખેડૂતોને ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓની લડત ચાલુ રહેશે.

તો બીજી તરફ, આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાયે ખેડૂત આંદોલન મુદ્દે મોટી જાહેરાત કરી છે. રાજ્યની APMCમાં ચાલતી કડદા પ્રથા બંધ કરવા માટે આમ આદમી પાર્ટી ખેડૂતોની મહાપંચાયત યોજવા જઈ રહી છે. આગામી ૩૧ ઓક્ટોબરના દિવસે ખેડૂતોની મહાપંચાયત યોજવાની જાહેરાત આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાય દ્વારા કરવામાં આવી છે. સુરેન્દ્રનગરના લીમખેડા વિધાનસભા વિસ્તારમાં આવેલા સુદામડા ગામમાં ખેડૂતોની મહાપંચાયત યોજાશે. જેમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ હાજર રહેવાના છે. તેમજ આ ખેડૂત મહાપંચાયતમાં રાજ્યભરના ખેડૂતો પણ મોટી સંખ્યામાં જોડાશે.

### દિવાળી બાદ 'અષાઢી માહોલ'!

# ગુજરાતના ૧૫૨ તાલુકામાં માવઠું, મહુવામાં ૭.૬૮ ઇંચ વરસાદ

અમદાવાદ, તા. ૨૭

રાજયના હવામાન વિભાગ દ્વારા દિવાળી બાદ રાજયમાં માવઠાની આગાહી કરી હતી, ગઈકાલથી જ રાજયના અનેક ભાગોમાં કમોસમી વરસાદનો આરંભ થઈ ગયો હતો. જો કે કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી દીધી છે. આ દરમિયાન રાજયના ૧૫૨ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો હતો અને જાણે અષાઢ મહિનો હોય તેમ ભાવનગર જિલ્લાના મહુવામાં ૭.૬૮ ઈંચ વરસાદ નોંધાયો હતો.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, રાજયમાં કમોસમી વરસાદની આગાહીને પગલે ૬ વાગ્યા સુધીમાં ૧૫૨ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ ભાવનગર જિલ્લાના મહુવામાં ૭.૬૮ ઈંચ નોંધાયો હતો. જયારે સિહોરમાં ૫.૦૪ ઈંચ, સોનગઢમાં ૩.૯૪ ઈંચ, જાફરાબાદમાં ૩.૭૪ ઈંચ, ઉના અને ઉમરપાડામાં ૩.૬૬ ઈંચ, સુત્રાપાડામાં ૩.૧૧ ઈંચ, રાજુલામાં ૩.૦૩ ઈંચ, પાલિતાણામાં ૨.૯૯ ઈંચ, ડેડીયાપાડામાં ૨.૯૧ ઈંચ, ભાવનગરમાં ૨.૮૩ ઈંચ અને જેસરમાં ૨.૬૪ ઈંચ વરસાદ પડ્યો હતો.રાજયના હવામાન વિભાગ દ્વારા આજે રાજયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર તેમજ દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી, સુરત અને ભરૂચ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, ત્યારે તે સિવાયના તમામ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.આગામી ત્રણ કલાક મત ભાવનગર, અમરેલી, બોટાદ અને ગીર સોમનાથ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ નાઉકાસ્ટ જાહેર કરવામાં આવ્યું છે, જયારે અમદાવાદ જૂનાગઢ, સુરત, વલસાડ, વડોદરા સહિત કુલ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ નાઉકાસ્ટ જાહેર કરવામાં આવ્યું છે

### કોહલી અને રોહિત શર્મા વિશ્વ ક્રિકેટના મહાન ખેલાડીઓ: પોન્ટિંગ

# વર્લ્ડ કપની રાહ જોઈને કોહલી સમય વેડફી રહ્યો છેઃ પોન્ટિંગ

## ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની સિરીઝ દરમિયાન પોન્ટિંગે કરેલા નિવેદનથી ખળભળાટ મચ્યો હતો

સિડની, તા. ૨૭

ભારતના બે સિનિયર ખેલાડી રોહિત શર્મા અને વિરાટ કોહલી ૨૦૨૭નો વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ રમશે કે નહીં તે અંગે ભૂતપૂર્વ દિગ્ગજો સતત દલીલો અને ચર્ચા કરી રહ્યા છે તો પોતાના અભિપ્રાય પણ આપી રહ્યા છે. જોકે આ બંનેએ શનિવારે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વન-ડેમાં શાનદાર પ્રદર્શન કરીને ભારતને નવ વિકેટે વિજય અપાવ્યા બાદ ઘણા ટીકાકારો ચૂપ થઈ ગયા છે તેમ છતાં ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર રિકી પોન્ટિંગનો અભિપ્રાય અલગ જ રહ્યો છે.વારંવાર વિવાદાસ્પદ નિવેદન કરવા માટે જાણીતા ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સુકાની રિકી પોન્ટિંગે ફરી એક વાર વિરાટ કોહલી અંગે નિવેદન કરીને ખળભળાટ મચાવી દીધો છે.રિકી પોન્ટિંગનું માનવું છે કે કોહલી અને રોહિત શર્મા વિશ્વ ક્રિકેટના મહાન ખેલાડીઓ છે અને આ બંને ખેલાડીઓએ માત્ર વન-ડે વર્લ્ડ કપમાં રમવા માટેનો પોતાનો લક્ષ્યાંક નક્કી કરવો જોઈએ નહીં.વિરાટ કોહલી અંગે પોન્ટિંગે જણાવ્યું હતું કે મેં રમતમાં તમામ સિદ્ધિઓ હાંસલ કરી લીધી છે તેવા તેના નિવેદનથી મને નફરત છે કેમ કે મારા મતે તમારી પાસે હજી પણ કેટલાક ટારગેટ હોવા જરૂરી છે. માત્ર ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી પહોંચવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં.

કોહલી હંમેશાં પ્રેરણાદાયી ખેલાડી રહ્યો છે અને મારું માનવું છે કે તેણે કેટલાક લક્ષ્યાંક નક્કી કર્યા હશે જેને તે ઓસ્ટ્રેલિયામાં હાંસલ કરી લેશે.આગામી વર્લ્ડ કપની માત્ર રાહ જોવી તે કોહલી માટે સમય વેડફવા સમાન છે. આગામી કેટલાક સપ્તાહમાં સ્થિતિ વધારે સ્પષ્ટ થઈ જશે. રોહિત અને કોહલી બંને ભારતની વર્તમાન બેસ્ટ ટીમમાં છે પરંતુ તેઓ વર્લ્ડ કપ આવે ત્યાં સુધીમાં સતત સારો દેખાવ કરતા રહેશે કે કેમ તે મોટો પ્રશ્નાર્થ છે.ભારતીય ટીમ હાલમાં ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે અને તેમાં વન-ડે સિરીઝમાં તેનો પરાજય થયો હતો. વિરાટ કોહલી આ ત્રણ મેચની સિરીઝની પહેલી બે મેચમાં શૂન્ય પર આઉટ થયો ત્યારે પણ તેના ભાવિ અંગે સવાલો થયા હતા. જોકે શનિવારે મજબૂત બેટિંગ કરી હતી અને તેનાથી કોહલીના પ્રશંસકોને આશા છે કે કોહલી આગામી સમયમાં પણ આવી જ બેટિંગ કરીને ટીમને સફળતા અપાવશે.બીજી તરફ પસંદગીકારો અને બીસીસીઆઈના અલગ પ્લાન હોઈ શકે છે. તેઓ અત્યારથી એવી ટીમ સેટ કરવાનો પ્રયાસ કરશે જે ખેલાડીઓ ૨૦૨૭ સુધીમાં સારો એવો અનુભવ મેળવી લે. આ માટે કેટલાક નવોદિતો હાલમાં નિષ્ફળ રહે તો પણ બોર્ડ કે પસંદગીકારો કે ટીમ મેનેજમેન્ટને ખાસ ચિંતા રહેશે નહીં. જેની સરખામણીએ વિરાટ કોહલી કે રોહિત શર્મા એકાદ મેચમાં પણ નિષ્ફળ રહે તો તે આસાનીથી પચાવી શકાશે નહીં. વર્તમાન ક્રિકેટ ઝડપી બની ગયું છે અને તેમાં દરેક સિરીઝમાં થતા પ્રદર્શનને મહત્વ આપવામાં આવે છે ત્યાં આ બંને સિનિયર ખેલાડીએ આગામી બે વર્ષ સુધી સતત કસોટી આપવી પડે તે પણ સરળ નહીં રહે.

### કળશ અને ધ્વજની પણ સ્થાપના

# અયોધ્યામાં પરિપૂર્ણ થયું રામ મંદિરનું નિર્માણ કાર્ય

## શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર દ્વારા કરાઈ જાહેરાત : જટાયુ અને ખિસકોલીની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી

અયોધ્યા, તા. ૨૭

અયોધ્યામાં આવેલું હિંદુ ધર્મનું પવિત્ર તીર્થસ્થળ રામ જન્મભૂમિ મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે. આશરે ૫૦૦ વર્ષની રાહ જોયા બાદ અયોધ્યા રામ મંદિર હવે સંપૂર્ણપણે તૈયાર થઈ છે. વર્ષ ૨૦૨૦માં મંદિરના નિર્માણનું કાર્ય શરુ થયું હતું, જેનું ઉદ્ઘાટન ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ માં થયું હતું, પરંતુ કેટલુંક બાંધકામ ચાલુ હતું. જોકે, હવે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, અયોધ્યામાં રામ મંદિર નિર્માણકાર્ય સાથે જોડાયેલ તમામ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જેમાં મુખ્ય મંદિર, ભગવાન શિવ, ભગવાન ગણેશ, ભગવાન હનુમાન, સૂર્યદેવ, દેવી ભગવતી, દેવી અન્નપૂર્ણા અને શેષાવતારના છ કિલ્લાવાળા મંદિરોનો સમાવેશ થાય છે.

રામ મંદિરના બાંધકામ પૂર્ણ થયા પછી કિલ્લાની દિવાલની અંદર છ મંદિરોમાં ધ્વજદંડ અને કળશ સ્થાપિત કરવામાં આવ્યા છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ પોસ્ટ શેર કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે, પ્રભુ શ્રી રામના તમાન ભક્તોને જણાવતા આનંદ થાય છે કે, મંદિરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે.

આ ઉપરાંત સપ્ત મંડપનું બાંધકામ એટલે કે મહર્ષિ વાલ્મીકિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, મહર્ષિ અગસ્ત્ય, નિષાદરાજ, શબરી અને ઋષિની પત્ની અહલ્યાના મંદિરોનું બાંધકામ પણ પૂર્ણ થઈ ગયું છે. સંત તુલસીદાસજીનું મંદિર પણ પૂર્ણ થઈ ગયું છે. જટાયુ અને ખિસકોલીની મૂર્તિઓ પણ સ્થાપિત થઈ ચૂકી છે.

### મેચમાં કેટલાક મોટા ફેરફારો જોવા મળી શકે છે

# ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પહેલી T૨૦ મેચ ૨૯ ઓક્ટોબરે રમાશે

## એક તરફ ગિલ અને સૂર્યાનું ફોર્મ ચિંતાનો વિષય છે

નવી દિલ્હી, તા. ૨૭

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની વનડે સિરીઝ રોમાંચક અંદાજમાં સમાપ્ત થઈ છે. ઓસ્ટ્રેલિયાની ટીમે સિરીઝને ૨-૧થી પોતાના નામે કરી છે. હવે ઈન્ડિયા અને ઓસ્ટ્રેલિયા T20 સિરીઝ આમને-સામને જોવા મળશે. પહેલી T20 મેચ ૨૯ ઓક્ટોબરે રમાશે. આ સિરીઝમાં ભારતીય ટીમ વનડે સિરીઝની હારના ઘા રૂઝાવવામાં મદદ કરશે. સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની પ્લેઈંગ ઈલેવનમાં કેટલાક મોટા ફેરફારો જોવા મળી શકે છે.

શુભમન ગિલ ઓસ્ટ્રેલિયા સામેની વનડે સિરીઝના ત્રણેય મેચમાં ફ્લોપ જોવા મળ્યો છે. આવી સ્થિતિમાં ગિલને T20 સિરીઝની પહેલી મેચ માટે આરામ આપી શકાય છે. એશિયા કપમાં સંજુ સેમસનને ઓપનર તરીકે ડિમોશન થયું હતું અને શુભમન ગિલે ઓપનિંગ કરી હતી. જો કે, ગિલનું બેટિંગ પ્રદર્શન ખાસ પ્રભાવશાળી નહોતું. બીજી તરફ સેમસનએ મિડલ ઓર્ડરમાં સારી બેટિંગ કરી હતી. તેથી ટીમ મેનેજમેન્ટ ગિલને આરામ આપવાનું અને સંજુ સેમસનને ફરીથી ઓપનર તરીકે રમવાનું વિચારી શકે છે. શુભમન ગિલને એશિયા કપ ૨૦૨૫ પહેલા T20 ટીમના ઉપ-કેપ્ટન તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં ગિલને રેસ્ટ આપવામાં આવે તેવી શક્યતા ઓછી છે. પ્લેઈંગ ઈલેવનમાં જસપ્રીત બુમરાહનું ટીમમાં કમબેક થશે અને અર્શદીપ સાથે એક્શનમાં જોવા મળી શકે છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવના ફોર્મ પર પણ પ્રશ્નાર્થ છે. એશિયા કપમાં SKY બેટથી નિષ્ફળ રહ્યો હતો. SKYનું પ્રદર્શન માર્ચ ૨૦૨૧થી ખાસ કરીને ખરાબ રહ્યું છે.

એક તરફ ગિલ અને સૂર્યાનું ફોર્મ ચિંતાનો વિષય છે, જ્યારે બીજી તરફ અભિષેક શર્મા, તિલક વર્મા, શિવમ દુબે અને કુલદીપ યાદવનું ફોર્મ ઓસ્ટ્રેલિયાને મુશ્કેલીમાં મુકશે.

આ બધા ખેલાડીઓએ એશિયા કપમાં ભારે તબાહી મચાવી હતી. બુમરાહ સાથે ટીમ વધુ ઘાતક બનશે. ફરી એકવાર આ યુવા ટીમને ભારે તબાહી મચાવતી જોવા મળશે.

ભારતની સંભવિત પ્લેઈંગ ઈલેવન : અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), તિલક વર્મા, સૂર્યકુમાર યાદવ, અક્ષર પટેલ, શિવમ દુબે, રિંકુ સિંહ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, જસપ્રિત બુમરાહ.

### નવા વર્ષનાં પ્રારંભે કમોસમી વરસાદે ચિંતા વધારી

# સાવરકુંડલાનાં આંબરડી ગામ વચ્ચેથી પસાર થતી નદીમાં આવ્યા કેડસમા પુર

## પાણીના ધસમસતા પ્રવાહથી માર્ગ થયો બંધ



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલાનાં આંબરડી ગામે આજે ભારે વરસાદથી ગામમાંથી પસાર થતી નદીમાં આવ્યા કેડ સમા પુર. સતત વરસાદથી ઠેકઠેકાણે પાણી ભરાતા માર્ગ પણ બંધ થતાં વાહનવ્યવહારને ગંભીર અસર પહોંચી હતી. આંબરડી પંથકમાં તૈયાર થયેલ ખેતીપોકોને પણ વ્યાપક નુકસાન થતાં ખેડૂતો નવા વર્ષના પ્રારંભે જ ચિંતિત બન્યા છે. શિયાળાનાં પ્રારંભે ખુશનુમા માહોલને બદલે વરસાદી માહોલ છવાયેલો જોવા મળે છે.

### હવામાન વિભાગની આગાહી સચોટ રહી

# રાજુલામાં માત્ર ૨ કલાકમાં ૬ ઈંચથી વધુ વરસાદ પડી જતા અફડા તફડી

## રામપરા જવાના કોઝ-વે માં વાહન તણાઈ ગયુ



અમરેલી, તા. ૨૭

હવામાનખાતાની આગાહી અનુસાર અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી કમોસમી વરસાદ શરૂ રહેવા પામેલ છે. ત્યારે આજે સવારે માત્ર બે કલાકમાં ૬ ઈંચથી પણ વધુ વરસાદ પડી જતાં અફડાતફડી મચી જવા પામેલ છે. ત્યારે રામપરા જવાના કોઝવે પર પૂરના પ્રવાહમાં દૂધના કેન ભરેલી ગાડી તણાઈ જવા પામેલ છે. પરંતુ ડ્રાઈવરનો આબાદ બચાવ થવા પામેલ છે.

રાજુલા તાલુકામાં આજે સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન રાજુલા તથા આજુબાજુના પંથકમાં અનરાધાર વરસાદ પડ્યો હતો. જેને લઈ રાજુલાના માર્ગો પાણી પાણી થઈ જવા પામેલ છે. જયારે રાજુલાના કુંભનાથ મહાદેવ પટાંગણમાં વરસાદી પાણી ભરાયા છે.

આ ઉપરાંત રાજુલા તાલુકાના વાવેરા, દિપડિયા, ધારેર, બરફટાણા, સારોડીયામાં પણ ધોધમાર વરસાદ પડ્યો છે. ઉપરવાસના વરસાદના કારણે ઘાતરવડી નદીમાં ઘોડાપૂર આવતાં ઘાતરવડી ૨ ડેમના ૮ દરવાજા ખોલવામાં આવ્યા છે.

ત્યારે રાજુલા તાલુકાના રામપરા જવાના કોઝવે પર પૂરના પ્રવાહમાં દૂધના કેન ભરેલી ગાડી તણાઈ જવા પામેલ છે. પરંતુ પાણીના પ્રવાહમાં મહામહેનતે દોરડા વડે મોત સામે ઝઝૂમીને ડ્રાઈવર પાણીના પ્રવાહમાંથી બહાર કઢાતા ડ્રાઈવરનો આબાદ બચાવ થવા પામેલ છે.

### બિહારની સફળતા બાદ ચૂંટણી પંચનો મોટો નિર્ણય

# દેશભરના વધુ ૧૨ રાજ્યોમાં SIR નો બીજો તબક્કો શરૂ થશે

## મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે દિલ્હીમાં એક પત્રકાર પરિષદ યોજીને રાષ્ટ્રવ્યાપી SIR ના બીજા તબક્કાની શરૂઆતની જાહેરાત કરી હતી

નવી દિલ્હી, તા. ૨૭

ચૂંટણી પંચ (Election Commission of India) દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ના બીજા તબક્કાની મોટી જાહેરાત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું કે બિહારમાં ૭૫ મિલિયન (૭.૫ કરોડ) મતદારોની ભાગીદારી સાથે SIR ના સફળ અમલ પછી, હવે દેશભરના ૧૨ પસંદગીના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માં આ સુધારણા પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. SIR નો મુખ્ય ઉદ્દેશ્ય પાત્ર મતદારોને ઉમેરવાનો અને અયોગ્ય કે ડુપ્લિકેટ નામોને યાદીમાંથી દૂર કરવાનો છે. આ અભિયાન માટે આજે (આજ રાત ૧૨ વાગ્યાથી) મતદાર યાદીઓ ફ્રીઝ કરવામાં આવશે અને BLO (બૂથ લેવલ ઓફિસર) દરેક ઘરની ઓછામાં ઓછી ૩ વખત મુલાકાત લેશે, જેમાં પ્રથમ તબક્કામાં કોઈ દસ્તાવેજની જરૂર નહીં પડે.દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે છઠના શુભ અવસરે બિહારના ૭૫ મિલિયન (૭.૫ કરોડ) મતદારોનો આ પ્રક્રિયાને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. બિહારમાં SIR ના સફળ અનુભવની ચર્ચા તમામ ૩૬ રાજ્ય ચૂંટણી કમિશનરો સાથેની બેઠકોમાં કરવામાં આવી હતી, જેના આધારે હવે SIR નો બીજો તબક્કો દેશભરમાં વિસ્તૃત કરવામાં આવી રહ્યો છે. આ પહેલનો હેતુ છેલ્લી વખત ૨૧ વર્ષ પહેલાં હાથ ધરાયેલા સઘન સુધારા પછી મતદાર યાદીમાં જરૂરી ફેરફારો લાવવાનો છે, કારણ કે ૧૯૫૧ થી ૨૦૦૪ દરમિયાન આઠ વખત સુધારા થયા હોવા છતાં રાજકીય પક્ષો દ્વારા ખામીઓની ફરિયાદો ઊઠી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જાહેરાત કરી કે SIR નો બીજો તબક્કો ૧૨ પસંદગીના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માં શરૂ થશે. આ ઝુંબેશ માટે, જે રાજ્યોમાં સુધારણાનું આયોજન છે, ત્યાંની મતદાર યાદીઓ આજે (તાત્કાલિક અસરથી) રાત્રે ૧૨ વાગ્યે ફ્રીઝ કરવામાં આવશે. આ પ્રક્રિયાને અસરકારક બનાવવા માટે, દરેક મતદાન મથક પર એક BLO અને દરેક વિધાનસભા મતવિસ્તાર માં એક ERO (ચૂંટણી નોંધણી અધિકારી) તૈનાત કરવામાં આવશે. આજે બધા મતદારો માટે ગણતરી ફોર્મ (EF) છાપવામાં આવશે.બીજા તબક્કામાં, ચૂંટણી પંચ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR ચલાવી રહ્યું છે. આ ૧૨ રાજ્યોમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, ગોવા, પુડુચેરી, છત્તીસગઢ, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે.BLO ની ૩ વખતની ગૃહ મુલાકાતઃ દસ્તાવેજ વિના નોંધણી

૩ વખતની મુલાકાતઃ દરેક BLO માહિતી એકત્રિત કરવા માટે દરેક ઘરની ઓછામાં ઓછી ૩ વખત મુલાકાત લેશે. આ મુલાકાતો દરમિયાન, BLO મતદારો સાથે મુલાકાત કરશે, યાદીમાં તેમના નામની પુષ્ટિ કરશે અને તેમને મતદાર સમાવેશ ફોર્મ પ્રદાન કરશે.ઓનલાઈન વિકલ્પઃ જે મતદારો તેમના મતવિસ્તારની બહાર રહે છે અથવા દિવસ દરમિયાન ઑફિસમાં હાજર હોય છે, તેઓ પણ આ ફોર્મ ઓનલાઈન ભરી શકશે.દસ્તાવેજોની જરૂર નથીઃ પ્રથમ તબક્કામાં, મતદારોએ નવી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે કોઈ વધારાના દસ્તાવેજો કે ફોર્મ સબમિટ કરવાની જરૂર રહેશે નહીં. મતદાર યાદી સુધારણાની ૩ તબક્કાની પ્રક્રિયા

પ્રથમ તબક્કોઃ ૨૦૦૩ ની યાદી સાથે જોડાણઃ આ તબક્કામાં મતદારોના નામ ૨૦૦૩ ની મતદાર યાદી સાથે જોડવામાં આવશે. મતદારોએ ફક્ત એ જણાવવાની જરૂર પડશે કે તેમનું નામ ૨૦૦૩ ની યાદીમાં ક્યાં હતું, અથવા તેમના માતા-પિતાના નામ શામેલ હતા કે નહીં. બધા રાજ્યો માટે ૨૦૦૩ ની મતદાર યાદી ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

બીજો તબક્કોઃ દસ્તાવેજો સાથે નોંધણીઃ જેમના નામ ૨૦૦૩ ની યાદી સાથે જોડી શકાયા નથી, તેમને બીજા તબક્કામાં ઉમેરવામાં આવશે. આ તબક્કા દરમિયાન, ચૂંટણી પંચ એવા લોકોને નોટિસ જારી કરશે, અને મતદારોએ આધાર કાર્ડ સહિત સંબંધિત દસ્તાવેજો પ્રદાન કરવા પડશે, અને ૨૦૦૩ માં તેમના માતાપિતા ક્યાં હતા તે પણ જાહેર કરવું પડશે.ત્રીજો તબક્કોઃ કામચલાઉ યાદીઃ ત્યારબાદ એક કામચલાઉ યાદી બહાર પાડવામાં આવશે, જેના પર વાંધા કે સૂચનો મંગાવવામાં આવશે. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે કોઈ પણ મતદાન મથકમાં ૧,૦૦૦ થી વધુ મતદારો હોઈ શકે નહીં. પરિણામે, મતદારોની ભીડ ટાળવા માટે, ખાસ સઘન સુધારા પછી મતદાન મથકોની સંખ્યામાં પણ ફેરફાર કરવામાં આવશે, જે ચૂંટણી વ્યવસ્થાપનને વધુ સરળ બનાવશે. SIR એટલે શું? - ચૂંટણી પંચ દ્વારા આ મતદાર યાદીમાં સુધારો કરવાની એક પ્રક્રિયા છે, જેમાં મતદાર યાદીને અપડેટ કરવામાં આવે છે. ૧૮ વર્ષથી વધુ ઉંમરના નવા મતદાતાઓને યાદીમાં ઉમેરવામાં આવે છે.

- જે લોકોનું મૃત્યુ થયું હોય અથવા જેઓ સ્થળાંતર કરી ગયા હોય, તેમના નામ હટાવવામાં આવે છે.
- મતદાર યાદીમાં નામ, સરનામું અને અન્ય ભૂલોને સુધારીને ઠીક કરવામાં આવે છે.- બૂથ લેવલ ઓફિસર (BLO) ઘરે-ઘરે જઈને ફોર્મ ભરાવે છે. - રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટ આ કામમાં BLOની મદદ કરે છે.

પૂ.શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રીના ૫૦માં વર્ષમાં મંગળ પ્રવેશ નિમિતે

# અમરેલીમાં અષ્ટોતર શ્રીમદ્ ભાગવત્ વચનામૃતનો આસ્થા અને ઉત્સાહભેર પ્રારંભ

## દ્વારકાધીશ પ્રભુજીની હવેલીથી શોભાયાત્રા નીકળી ફોરવર્ડ સ્કુલના પટાંગણમાં કથા સ્થળે પહોંચી



અમરેલી, તા. ૨૭

અમરેલી ખાતે આવેલ કમાણી ફોરવર્ડ સ્કૂલના પટાંગણમાં ગતતા.૨૪થીઆગામીતા. ૩૦સુધી દરરોજબપોરે ૩-૩૦થીસાંજના૭ વાગ્યા સુધી પુ. ૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રીના ૫૦માં વર્ષમાં મંગળ પ્રવેશ નિમિતે સુવર્ણ મહોત્સવના અવસરે અષ્ટોતરશત શ્રીમદ્ ભાગવતજી વચનામૃતનું આયોજન પુ. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના વકતાપદે શ્રી દ્વારકાધીશ પ્રભુની હવેલી તથા ગોવર્ધનનાથજી હવેલી દ્વારા પ્રારંભ કરવામાં થતાં સમગ્ર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજમાં હરખની હેલી જોવા મળી રહી છે.

આ અષ્ટોતરશત શ્રીમદ્ ભાગવતજી વચનામૃતપ્રસંગે ગઈકાલ તા.૨૪નારોજબપોરના૩કલાકેએક ભવ્ય પોથીયાત્રા શ્રી દ્વારકાધીશજી હવેલી ખાતેથી પ્રસ્થાન થયું હતું. જે પોથીયાત્રા અમરેલીના વિવિધ રાજમાર્ગોઉપરફરીકથાસ્થળકમાણી ફોરવર્ડ સ્કૂલના પટાંગણમાં સંપન્ન થઈ હતી.

આ અષ્ટોતરશત શ્રીમદ્ ભાગવતજી વચનામૃતપ્રસંગેમાં આજે સોમવારના રોજ નૃસિંહ અવતાર, વામન અવતાર, રામ અવતાર, કૃષ્ણપ્રાદુર્ભાવ, નંદમહોત્સવ, મંગળ વારના રોજ બાળલીલા, ગોવર્ધનલીલા, તથાબુધવારે રૂક્ષ્મણી વિવાહ, રાસપંચાધ્યાયી, તથાતા. ૩૦ ગુરૂવારના રોજ સુદામાચરિત્ર સાથે કથા વિરામ થશે.

કમાણી ફોરવર્ડ સ્કૂલના પટાંગણમાં યોજાયેલ અષ્ટોતરશત શ્રીમદ્ ભાગવતજી વચનામૃત કથામાં રોજ હજારોની સંખ્યામાં વૈષ્ણવ લોકો ઉપસ્થિત રહી કથાનું રસપાન કરી રહયા છે.

આ ઉપરાંત આગામી તા. ૨૯ને બુધવારના રોજ પુ. ૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રીના ૫૦માં જન્મ દિવસ નિમિતે અંધજન તાલીમ કેન્દ્ર, મહિલા અંધશાળા, મુકબુધિર શાળા, માનસિક વિકાસ કેન્દ્રમાં આખા દિવસનું ભોજન, વસ્ત્રો તથા બીજી જીવન જરૂરિયાતની વસ્તુઓ પુરી પાડવામાં આવશે.


આ ઉપરાંત તા. ૩૧-૧૦ શુક્રવારના રોજ બપોરે ૧૨ કલાકે શ્રી ગોવર્ધન પુજા તથા સાંજે ૪ કલાકે અન્નકૂટ ઉત્સવ દ્વારકાધીશ પ્રભુની મોટી હવેલી, વલ્લભાચાર્ય ચોક અમરેલી ખાતે રાખવામાં આવેલ છે.

તો સર્વે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સહપરિવાર મહોત્સવમાં ઉપસ્થિત રહેવા અને સહભાગી બનવા માટે થઈ દ્વારકાધીશ પ્રભુની હવેલી તથા ગોવર્ધનનાથજી હવેલી તરફથી નિમંત્રણ આપવામાં આવેલ છે.

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત

# ચલાલાના ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ઐતિહાસિક ૨૨ માં સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન

## આગામી ૮ ફેબુઆરીએ યોજાશે કાર્યક્રમ



અમરેલી, તા. ૨૭


ચલાલા ખાતે આવેલ યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા, ગાયત્રીસંસ્કાર કેન્દ્ર, ધારીરોડ, ચલાલા ખાતે આગામી તા. ૮/૨/૨૦૨૬ રવિવારના રોજ ૨૨માં સર્વજ્ઞાતિય - સર્વધર્મસમૂહલગ્નોત્સવયોજાનાર છે.

આ સર્વજ્ઞાતિય - સર્વધર્મ સમૂહ લગ્નોત્સવ જોડાનાર દરેક દીકરીઓને જુદા- જુદા દાતાઓ તરફથી ૧૩૦ ઉપરાંત વસ્તુઓ કરિયાવર રૂપે આપવામાં આવશે. લગ્નોત્સવ પધારનાર તમામ મહેમાનો માટે ભોજન સહીત ઉતારાની સુંદર વ્યવસ્થા કરવામાં આવશે.

આ લગ્નોત્સવ વિદેશથી ખાસ મહેમાનો ઉપસ્થિત રહેશે. જયારે સંતો - મહંતો નવ દંપતિને રૂડા આશીર્વાદ આપશે.

આ અંગે આયોજક સંત ડો.રતિદાદાએ અમારા પ્રતિનિધિ મિલાપ રૂપારેલને જણાવ્યું હતું કે, આ સમૂહ લગ્નોત્સવમાં જોડાનાર કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને વરરાજાની ઉંમર ૨૧ વર્ષ પૂર્ણ થયેલ હોવી જોઈએ. આ સમૂહ લગ્નોત્સવમાં જોડાવા માટે વર કન્યાના જન્મ તારીખના ઓરીજનલ દાખલા, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝના ફોટા - ૨, વાલીના આધારકાર્ડ વગેરે જરૂરી કાગળો લઈ જે વહેલા તે પહેલાના ધોરણે સંસ્થા પર આવીને લગ્નની નોંધણી કરાવવાની રહેશે. જેમાં વર કન્યાના પ્રથમ વખત જ લગ્ન હોવા જોઈએ તેમજ લવ મેરેજ(કોર્ટ મેરેજ) કરેલ ન હોવા જોઈએ. તેવા જ વર કન્યા આ સમૂહ લગ્નોત્સવમાં જોડાય શકશે.

# ગઢીયાગીરમાં આવેલ દાન મહારાજની જગ્યામાં આજે ભજન, ભોજનનો કાર્યક્રમ





ચલાલા, તા. ૨૭

સૌરાષ્ટ્રની જગવિખ્યાત દેહણ દાનબાપુની જગ્યાના મંહત મહારાજ પૂજય વલકુ બાપુના આશીર્વાદ અને પ્રસન્નતાથી ભજન ભોજન ભકિતનો ત્રિવેણી સંગમ એવું દાનેવ ધામ ગઢીયા ગીરમાં પ્રાકૃતિક સૌદર્યમાં નવું આકાર પામી રહેલ અંશાઅવતાર દાન મહારાજની જગ્યામાં આજે તા, ૨૮/૧૦/૨૦૨૫ મંગળવારનારાત્રે૯:૦૦કલાકેગઢીયા ગીરમાંભવ્યસંતવાણીનોકાર્યક્રમસંતો મહંતો સેવકો અને મહાનુભવોની ઉપસ્થિતિમાંખ્યાતનામ કલાકારો દ્વારા આ વર્ષમાં લગલગાટ અવિરત અગિયારમાં સંતવાણીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને ભજન ભોજનનો અમૂલ્ય લાભ લેવા ધર્મપ્રેમી જાહેર જનતાને શાંત સરળ, પરોપકારી અને માયાળુ સ્વભાવના મહંત હર્ષદ બાપુ ભગતે લાગણી સભર જાહેર નિમંત્રણ પાઠવેલ છે. આ વર્ષના લગલગાટ અગીયારમાં સંતવાણીના કાર્યક્રમમાં ખ્યાતનામ ભજનીક અને લોકસાહિત્યકાર દેવરાજગઢવી ગીર, જાનાગઢવી, ધીરજબારોટ, કપિલબાપુ દેવમુરારી, જયદીપ ભાઈ વાળા, ભરતભાઈખવડ, શૈલેષ પુરી ગૌસ્વામી, જયદીપ વરૂ, ધાર્મિક ગજ્જર, (સાંજીદાગ્રુપ) લાઈવ કિશન સ્ટુડિયો સહિતના નામી અનામી ખ્યાતનામ કલાકારો વિપુલ સાઉન્ડના સથવારે સંતવાણીની રમઝટ બોલાવશે. ગઢીયા ગીર તાલુકો ધારી જિલ્લો અમરેલીમાં પૂજય વલકુ બાપુના આશીર્વાદથી અંશાવતાર પૂજયદાન મહારાજની નવી જગ્યા આકાર લઈ રહી છે ત્યાં એક પ્રેમાળ અને સરળ સ્વભાવ ધરાવતા સાત્વિક ઉત્સાહી મહંતશ્રી હર્ષદ બાપુ ભગતને ગત તારીખ ૨૭, ૯,ના સવારે ગઢીયા ગીર ગામના જ માથાભારે અને અસામાજિક તત્વો દ્વારા જગ્યામાંથી ભગાડી મૂકવા માટે અને આ જગ્યા બંધ કરાવી દેવા માટે મહંત હર્ષદ બાપુ ભગત ઉપર મરણોતલ હુમલો કરી ઘાયલ કરી દેવામાં આવેલ હતા. પંરતુ સતના આધારે અને અંશાવતાર પૂજય દાનમહારાજની કુપાથી તેમજ હજ્જારો સેવકગણ અને શુભ ચિંતકોના પ્રેમ અને લાગણીથી મહંત હર્ષદ બાપુ ભગત કોઈની પરવા કે બીક રાખ્યા વગર નવનિયુકત દાનમહારાજની જગ્યામા અવિરત પણે ભજન ભોજન કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો ચાલુ રાખ્યા છે. તો આ નવનિયુકત આકાર પામી રહેલ દાન મહારાજની જગ્યામાં મહંત મહારાજ હર્ષદ બાપુ ભગતના સાનિધ્યમાં ભકિત, ભજન, ભોજનનો ત્રિવેણી સંગમની સાથે ધર્મની ધજા ફરકી રહી છે, બંને ટાઈમ હરિહરના હાદ પડી રહ્યા છે. ગૌમાતાની સેવાઓ થઈ રહી છે. મૂંગા પશુ પક્ષીને ચણ નખાય રહી છે. બંને ટાઈમ ઝાલરૂ વાગી રહી છે. સનાતન ધર્મનો જયઘોષ થઈ રહ્યો છે. આ બધી સેવાઓની સાથે સાવજો તરસ છીપાવવા જગ્યાની આજુબાજુ આટા ફેરા લગાવી રહ્યા છે. આવી વનપ્રાકૃતિક મનોહર વાતાવરણમાં ગઢીયા ગીર દાનેવ આશ્રમમાં પૂજય દાન મહારાજ સહિતના દેવોના બેસણા છે. તેને વંદન કરવા એકવાર ચોક્કસ જવા જેવું ધાર્મિક સ્થળ છે.

નવા વર્ષનાં પ્રારંભે ખેડૂતો ઉપર આભ તૂટી પડયુ હોય તેવી સ્થિતિ

# સાવરકુંડલાનાં ગાધકડા આસપાસનાં ગ્રામ્ય વિસ્તારમાં અચાનક ખાબકેલા વરસાદથી ખેતીપાકો થયા તબાહ

## જગતનું પેટ ભરનાર ખેડુત સરકારની મદદ માંગવા મજબુર



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા-તાલુકાના ગાધકડા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક ખાબકેલા કમોસમી વરસાદથી ખેતીના પાકને ભારે નુકસાન પહોંચાડયું છે, જેના પગલે ખેડૂતોની આર્થિક સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે. તૈયાર પાક ખેતરમાં જ ધોવાઈ જતાં જગતના તાત પર આભ તૂટી પડ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં આવેલા અણધાર્યા પલટાને કારણે ગાધકડા સહિત સમગ્ર પંથકમાં ભારે વરસાદ વરસ્યો હતો. ખેડૂતોએ ખરીફ અને શિયાળુ પાક માટે કરેલી આશા પર પાણી ફરી વળ્યું છે. મગફળી, કપાસ અને શાકભાજીના પાકને વ્યાપક નુકસાન થયું હોવાના અહેવાલો છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાના કારણે અનેક સ્થળોએ ઉભો પાક સડી જવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતોની આર્થિક સ્થિતિ કફોડી કમોસમી માવઠાના કારણે ખેડૂતોને બેવડો માર પડ્યો છે. એક તરફ મોંઘા ભાવના બિયારણ, ખાતર અને દવાઓનો ખર્ચ માથે પડ્યો છે, જયારે બીજી તરફ તૈયાર પાકનો કોળિયો છીનવાઈ જતાં આવકનું કોઈ સાધન રહ્યું નથી. અનેક ખેડૂતોએ બેંકો અને સહકારી મંડળીઓમાંથી લીધેલી લોન કેવી રીતે ભરવી તેની ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. રાજય સરકારને તાત્કાલિક હસ્તક્ષેપની અપીલ કમોસમી વરસાદથી થયેલા મોટા નુકસાનને પગલે ગાધકડા અને આસપાસના વિસ્તારોના ખેડૂતોએ રાજય સરકારને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની અને ખેડૂતોને મદદરૂપ થવાની અપીલ કરી છે.

# અમરેલી ખાતે આરબીઆઇ દ્વારા નાણાકીય સાક્ષરતા મેગા કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૨૭

અમરેલી ખાતે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા નાણાંકીય સાક્ષરતા માટે એક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે આરબીઆઇ ડીજીએમ બોંડે દ્વારા આર.બી.આઈ.ના લોકોને સ્પર્શતાં વિવિધ કાર્યો, જેમ કે કરન્સી વ્યવસ્થા, મોનીટરી પોલિસી, નાણાકીય સાક્ષરતા, સાયબર ફ્રોડ વિશે જાણકારી આપવામાં આવી હતી. એસ.બી.આઈ. અમરેલી રીજિયનના વડા પરીખ દ્વારા બેંક ગ્રાહકોને ઉપયોગી એવી રીકેવાઈસી, નોમીનેશનની સગવડતા, તથા લાંબા સમયથી ડિપોઝિટ ખાતામાં પડેલ અનકલેમ રકમ (ડીફ એકાઉન્ટ) વિશે વિસ્તાપૂર્વક વાત કરેલ હતી. સાથોસાથ આવી રકમ જે તે ગ્રાહકોને જલ્દીથી પરત મળે તે માટે એસ.બી.આઈ. અમરેલી રીજિયનની શાખાઓમાં મિશન મોડથી કામગીરી શરૂ કરેલ છે. તે અંગેની જાણકારી આપેલ હતી.

આરબીઆઈના સ્પીકર જયવંત રાઠોડે નાણાકીય સાક્ષરતા અંગે પ્રોજેકટર દ્વારા સવિસ્તાર પુર્વક સલામત રોકાણ, બેન્કના પ્રકારો, ડિપોઝિટ વીમો, વારસદારની નોંધણીનું મહત્વ, આરબીઆઇના લોક ઉપયોગી અગત્યના કાર્યો જેમ કે, નવી નોટ ઈસ્યૂ કરવી, જુની નોટો બદલી આપવી, નાણાંકીય પોલિસી બનાવવી, ફોરેકસ ભંડોળની જાળવણી કરવી, લોકોને નાણાંકીય વ્યવહારો અંગે જાગૃત કરવા વિગેરેની વિસ્તૃત જાણકારી આપી હતી.

આ ઉપરાંત વિવિધ ગ્રાહક ઉપયોગી એપ્સ જેમ કે, ઉદગમ, સચેત, વિગેરે તથા હેલ્પલાઈન નંબર ૧૪૪૪૮, ૧૯૩૦ વિગેરે વિશે પણ માહિતી આપેલ હતી. વિશેષમાં આજકાલ ફ્રોડ કોલ મળે ત્યારે શું સાવચેતી રાખવી તેની પણ જાણકારી આપી હતી.

આ મેગા કેમ્પમાં ખાસ અમદાવાદ આર.બી.આઈ.ના ડી.જી.એમ.દેવેન્દ્ર બોન્ડે એ.જી.એમ. સચિન પાટીદારજી, એસ.બી.આઈ. અમરેલી રીજીયનના એ.જી.એમ. પરીખ, લીડ બેંક મેનેજર રોનકજી, શહેરના સિનિયર સિટીઝન, પેન્શનર્સ, વિદ્યાર્થીઓ, સખી મંડળના બહેનો વિગેરે બહોળી સંખ્યામાં ઊપસ્થિત રહેલ હતા. કેમ્પની શરૂઆત પંડિત સુરેશભાઈ દવે દ્વારા ગણેશજીની પ્રાર્થના કરી અને કરવામાં આવી હતી. ત્યારબાદ એસ.બી. આઈ.ના એફ. એલ. સી.અમરેલીના પિયુષ શાહ દ્વારા પધારેલ મહાનુભાવો તથા દરેક ઉપસ્થિતોનું સ્વાગત કરવામાં આવેલ હતું.

કાર્યક્રમના અંતમાં, આરબીઆઇના એજીએમ સચિન પાટીદાર દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા લીડ બેન્ક અમરેલી તથા આરબીઆઇના સ્ટાફ મિત્રો એ જહેમત ઉઠાવેલ હતી.

# રાજુલાના ચાંચબંદર ગામની સગર્ભા મહિલાને દરિયાઈ માર્ગેથી લાવી ૧૦૮ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવી



અમરેલી, તા. ૨૭

રાજુલાતાલુકાના ચાંચબંદર ગામમાં સગર્ભા મહિલાને તાત્કાલિક સારવાર માટે દરિયાઈ માર્ગે લાવવા ફરજ પર તંત્રની ટીમે અસરકારક કામગીરી કરી. ઘટનાની જાણકારી મળતાં સ્થાનિક અને વિકટર દરિયાઈ ટીમ તરત જ સ્થળે પહોંચી. બોટ મારફતે મહિલાને સલામત રીતે દરિયાઈ ખાડી પાર લાવીને ૧૦૮ આરોગ્ય સેવા ટીમને સોંપવામાં આવ્યું.

૧૦૮ની તાત્કાલિક કામગીરીમાં મહિલાને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવી. રિપોર્ટ પ્રમાણે, મહિલાની હાલત સતત નિરીક્ષણ હેઠળ છે અને ડોકટર્સ દ્વારા જરૂરી તબીબી વ્યવસ્થા કરાઈ રહી છે. આ ઘટનાથી દર્શાવાય છે કે દરિયાઈ વિસ્તારમાં રહેતા લોકો માટે તાત્કાલિક અને યોગ્ય સલાહકાર સેવા ઉપલબ્ધ હોવી અત્યંત જરૂરી છે.

ગ્રામજનો અને સ્થાનિક પ્રસાન્સન દ્વારા જણાયું કે આ પ્રકારની ટીમો અને દરિયાઈ રેસ્કયૂ વ્યવસ્થા માટે હજુ વધુ સુવિધાઓ અને જાગૃતિ વધારવી જરૂરી છે. સગર્ભા મહિલાની સલામતી અને તબીબી સેવાઓ માટે આ ઘટનાએ આવશયકતા વધુ સ્પષ્ટ કરી છે. સ્થાનિક લોકો તંત્રની આ ઝડપી કામગીરી માટે આભારી છે અને આશા છે કે આવી સેવા ભવિષ્યમાં પણ સતત ઉપલબ્ધ રહેશે.

અમેરિકા સ્થિત ડો. રાજેશ પટેલ અને ડો. ઉષાબેનનાં જન્મ દિને

# રાજકોટ ખાતે આગામી ૧ થી ૩ નવે. નાં રોજ જયપુરી ફુટ કેમ્પનું નિ:શુલ્ક આયોજન

## સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશન કરશે સહયોગ



રાજકોટ, તા. ૨૭


સરગમકલબ રાજકોટ, (કમાણી ફાઉન્ડેશન સહયોગી )અને અમેરિકા સ્થિત ડો. રાજેશભાઈ પટેલ અને ડો. ઉષાબેન પટેલના જન્મદિવસ નિમિતેતા. ૧ થી ૩ નવેમ્બરનારોજ ૩-દિવસીય જયપુર ફ્રી ફૂટ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

દિવ્યાંગો માટે ત્રિ દિવસીય નિઃશુલ્ક ફૂટ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા. ૧/૧૧/૨૫ ના શનિવારના રોજ સીધા જણાવ્યા મુજબના સ્થળપર પહોંચવું આ કેમ્પમાં હર કોઈ વિકલાંગ દર્દી લાભલઈ શકશે. સાંસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ રાજકોટમાં જયપુર ફુટકેમ્પના રૂપમાં તદ્દન નિઃશુલ્કસેવા કેન્દ્ર ચલાવી રહેલ છે. તો આ કેમ્પમાં વિકલાંગ દર્દીઓએ તા. ૧/૧૧/૨૫ થી ૩/૧૧/૨૫ ૩ દિવસના કેમ્પમાં લાભ લેનાર દર્દીએ સરકાર માન્ય આધારકાર્ડ અને ડોકટરનું વિકલાંગનું સર્ટફિકેટની ઝેરોકસ સાથે લાવવી આવશયક છે.

તેમ સરગમ કલબના પમુખ ગુણવંતભાઈ ડેલાવાળા જણાવે છે. નોંધઃ-કેમ્પમાં લાભ લેનાર નવા દર્દીઓને તા. ૧/૧૧/૨૫ શનિવારના રોજ સવારે ૧૦ વાગ્યા પહેલા પહોંચવું કેમકે માત્ર એક દિવસજ નવા દર્દીઓને તપાસવામાં આવે છે. બાકીના ૨ દિવસ ફિટિંગ-રીપેરીંગ જુના દર્દીઓના પ્રશ્નોનું નિરાકરણ કરવાનું હોય છે. જે બાબત નવા આવનાર દર્દીએ અવશ્ય ધ્યાનપર લેવું. આ કેમ્પ તા. ૧/૧૧/૨૫ શનિવાર સવારે ૮ વાગ્યે સરગમ ભવન જામ ટાવર રોડ નવી કલેકટર કચેરીની બાજુમાં રાજકોટ ખાતે યોજાશે.

# સાવરકુંડલા : શ્રી મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ શ્રી ગોવર્ધનનાથજી પ્રભુનો પ્રથમ પાટોત્સવ ઉજવાયો







સાવરકુંડલા લાભ પાંચમના શ્રી ગોવર્ધનનાથજી પ્રભુના પ્રથમ પાટોત્સવ ઉત્સાહને આનંદ ઉમંગભેર ઊજવવામાં આવેલ હતો વિશાળસંખ્યામાંવૈષ્ણવોઉપસ્થિતરહી લાભ લીધેલ, આજના ઉત્સવનાં મુખ્ય મનોરથી મુંબઈ નિવાસી નીતાબેન નવીનભાઈ રાજા તથા ગૌવાસી કમલેશભાઈ જંયતિલાલ સુચક હસ્તે ઉમાબેન તથા કુલદીપભાઈ તથા પ્રતિકભાઈ હતા તેમજ પલના નંદમહોત્સવના મનોરથી ચારૂબેન રજનીભાઈ કાણકીયા (નાવલીચાવાળા ) હતા, તેમજ છાશના મનોરથી અશોકભાઈ નથવાણી રાજકોટ હતા સાથેસાથેસામગ્રીમનોરથીસહમનોરથી સેના તનમનધનના સહકાર આજનો ઉત્સવ આનંદભેર પુર્ણ થયેલ છે આજ સવારથીવૈષ્ણવોવરસાદીમાહોલહોવા છતાં મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા, પ્રથમમંગલાદર્શન,ત્યારબાદપુજયપાદ ૧૦૮ શ્રીઅનુગ્રહલાલજી મહારાજશ્રી પધારેલ વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપી, ત્યાર બાદ શ્રી પ્રભુને પલના પધરાવી નંદમહોત્સવ થયેલ આજુબાજુના ગામડાના કિર્તનકાર ભાઈઓ ગોપાલભાઈ વીરાણી સુરજવડીવાળા જીકયાળી ઓળીયા વાળા ભાઈઓએ ખુબભાવપુવકઅતિ આનંદથી કિર્તન કરી વૈષ્ણવોને ભાવવિભોર કરેલ , પુજય જે જે શ્રી ત્યારબાદ રાજભોગ તિલક આરતીના દર્શન કરાવેલ ત્યારબાદ હાજર રહેલા તમામ વૈષ્ણવો ભાઈઓ બહેનો તેમજ આમંત્રિતવૈષ્ણવોએમહાપ્રસાદનોલાભ લીધેલછેઆઉત્સવમાંખાસસાવરકુંડલા તાલુકાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા ભાજપના વરિષ્ઠ આગેવાન સાથે પધારેલ ,આ સમગ્ર ઉત્સવમાં દરેક કમિટીના સભ્યો તથા મહિલા મંડળના સંચાલક વસંતબેન બુહાનીઆગેવાનીનીચેબહેનોએખુબજ ભાવથી દરેક વૈષ્ણવોને મહાપ્રસાદ લેવા આગ્રહ કરી લેવારાવેલ ભોજન વિભાગની તમામ વ્યવસ્થા કનુભાઈ મિસ્ત્રી તથા જયકિશનભાઈ રૂપારેલ દ્વારા કરવામાં આવેલ, રાજુભાઈ શીંગાળાની સુચના મુજબ નગરપાલિકા દ્વારા બેઠકજીએ આવવા જવાના રસ્તા સાફ સફાઈ તેમજ વ્યવસ્થિત કરી આપેલ હતા, આ તકે તમામનો કમિટીના ભાઈઓ વતી વિજયભાઈ વસાણી દરેકનો આભાર વ્યકત કરેલ છેએમ કમિટીના ભાઈઓ કાંતીભાઈ, ગોકુળભાઈ તથા અરવિંદભાઈ ખીમાણીએ જણાવેલ છે.

### એક તરફ મેઘરાજા અને બીજી તરફ વનરાજા કરે છે પરેશાન

## ખાંભાના ગીદરડી ખાતે માલધારી યુવક ઉપર સિંહણે કર્યો હુમલો

### માલધારી યુવકને સારવારમાં ખસેડાયો




અમરેલી, તા. ૨૭

ખાંભા તાલુકાના ગીદરડી ગામેઆજેએકચકચારઉઠાવનારીઘટના બની છે. ગામના માલધારી વસંતભાઈ ભાયાભાઈ કબારિયા પર એક સિંહણે અચાનક હુમલો કર્યો હતો. જેમાં આ માલધારી યુવકને ઈજાઓ થતાં સારવાર માટે દવાખાને ખસેડાયો હતો.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ખાંભા તાલુકાના ગીદરડી ગામે રહેતા વસંતભાઈ ભાયાભાઈ કબારિયા નામના માલધારી યુવક સીમ વિસ્તારમાં પશુ ચરાવતા હતો. ત્યારે સિંહણ અચાનક સિંહણે હુમલો કરી દેતા આ હુમલામાં ઘવાયેલા માલધારી યુવકને ગંભીર કમરના ભાગે ઈજા થવા પામેલ હતી. આ ઘટનાની જાણ થતા ગ્રામજનો તાત્કાલિક માલધારીને ખાંભા સરકારી હોસ્પિટલમાં ખસેડાયેલ હતો.

આ ઘટનાની જાણ થતાં ખાંભા વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચીઅનેતપાસ શરૂ કરી છે. વનવિભાગે અપીલ કરેલ છે કે સ્થાનિક લોકો વધુ સાવચેતી રાખે અને પશુપાલન દરમિયાન ખુલ્લા વિસ્તારોમાં વધુ જો ખમભર્યા વિસ્તારમાં જવાનું ટાળવું જોઈએ.

ત્યારે આ બનાવને લઈ ગીદરડીઅનેઆસપાસનાવિસ્તારોમાં સિંહણનીહાજરીઅંગેચિંતાવધીછે.ત્યારે વનવિભાગ દ્વારા આવા હુમલાની ઘટના અટકાવવા માટે સિંહણને પિંજરે પુરવા તથા પેટ્રોલીંગ વધારવાની અને સ્થાનિક પશુપાલકોને માર્ગદર્શન આપવાની કાર્યવાહી શરૂ કરી છે.

### ભારે વરસાદના પગલે જિલ્લા વહીવટી તંત્રની એલર્ટ મોડ પર કામગીરી

## રાજુલાના ઉચૈયા ગામેથી ૫૦, ભચાદરમાંથી ૫૦ અને ધારાનાનેસ ગામેથી ૭૦ લોકોનું રેસ્કયુ

### અસરગ્રસ્તો માટે સ્થાનિક સ્તરેથી ફૂડ પેકેટની વ્યવસ્થા કરાઈ



અમરેલી, તા. ૨૭

રાજુલા તાલુકાના ઉચૈયા ગામેથી ૫૦, ભચાદરમાંથી ૫૦ અને ધારાનાનેસ ગામેથી ૭૦ લોકોનું રેસ્કયુ કરીને સ્થળાંતર કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકા સહિતના વિસ્તારમાં ભારે વરસાદના પગલે જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ મોડ પર કામગીરી કરી રહ્યું છે, ભારેવરસાદના પગલે રાજુલા તાલુકાના પાંચ જેટલા ગામો અસરગ્રસ્ત બન્યા છે. વહીવટીતંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે રાજુલાના ઉચૈયા ગામેથી ૫૦, ભચાદરમાંથી ૫૦ અને ધારાનાનેસ ગામેથી ૭૦ લોકોનું રેસ્કયુ કરવામાં આવ્યું છે.

ઉચૈયા ગામના કુલ ૧૦૦ લોકોનુંસ્થળાંતર કરીનેપ્રાથમિક શાળામાં આશ્રય આપવામાં આવ્યો છે. અહીં તંત્ર દ્વારા સરપંચ સાથે સંકલન કરીને જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

ધારાનાનેસ ગામે પણ ૫૦ લોકોનું એક સ્કૂલમાં સ્થળાંતર કરવામાં આવ્યું છે, ભચાદર ગામના કુલ ૧૦૦ લોકોને તેમના સગા સંબંધીઓના ત્યાં સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. અસરગ્રસ્ત લોકો માટે સ્થાનિક સ્તરે સંકલન સાધીને ફૂડપેકેટની વ્યવસ્થા કરવામાં આવી છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૧૬ | ૧૦૯૧ |
| ૨ | શિંગ મોટી | ૬૭૦ | ૧૧૪૦ |
| ૩ | શિંગદાણા | ૯૦૦ | ૯૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૨૩૦ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૪૩૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૧૩૨ | ૨૧૩૨ |
| ૭ | જુવાર | ૭૩૫ | ૭૩૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૩ | ૫૫૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૮૮ |
| ૧૦ | ચણા | ૮૫૦ | ૯૮૦ |
| ૧૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ૧૨ | એરંડા | ૧૨૦૦ | ૧૨૩૭ |
| ૧૩ | જીરૂ | ૨૯૦૦ | ૩૩૮૫ |
| ૧૪ | સોયાબીન | ૭૨૮ | ૮૫૫ |

પાના ૧ ઉપરનું ચાલું **ચિત્તલ પંથકમાં સૌપ્રથમ વખત**

સુમારે લાતી બજારની ‘‘ધામી’’ની લાતીની બાજુના જ રોડ ઉપર ‘‘સિંહ’’ આંટા મારતો જોવા મળ્યો વાત ફેલાતા જોતજોતમાં ઘર આંગણે ‘‘સિંહ દર્શન’’નો લાભ લેવા કૂતુહલ અને ભય સાથે લોકો ઉમટી પડયા અને ફોટો વિડીયો પણ ઉતારી લીધા બીજે દી રવિવાર તા. ૨૬/૧૦/૨૫ને રવિવારે પણ એ જ સિંહ ત્યાંથી આગળ અમરેલી રોડ ઉપર રાત્રીના ૧૦ થી ૧૧ના ગાળામાં મારણ કર્યાની જાણ થતા ફરી નાગબાઈ માંના મંદિર પાસેના ખાલી રોડ ઉપર મારણના અવશેષો મળ્યા અને ફરી લોકો જોવા માટે એકઠા થયા હતા. રોડ પર પીકનીક જેવા દ્રશ્યો સર્જાયા વન વિભાગ પણ મોડેથી જાણ થતાં આવી ગયેલ આર.એફ.ઓ. ગાલાણી દ્વારા લોકોને ટોળામાં એકઠા થયા અને ખેડુતોને વાડી ખેતરમાં ઈલેકટ્રીક શોર્ટ મુકવા અપીલ કરાઈ છે. સામાન્ય રીતે વન્ય પ્રાણી એક રાત ૧૨ કલાકમાં આશરે ૧૫ થી ૨૦ કિ.મી. ઉપરનુ અંતર કાપી લેતા લેતા હોય છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી, રાજુલા, લીલીયા પંથકમાં**

અમરેલીમાં ગઈકાલે જ કમોસમી વરસાદએ મંડાણ કર્યા હતા. અમરેલીમાં ગઈકાલે સાંજથી કમોસમી વરસાદ શરૂ થવા પામેલ છે. ત્યારે પણ આખીરાત ધીમીધારે અવિરત કમોસમી વરસાદ શરૂ રહેવા પામેલ હતો. જે આજે બપોર સુધી શરૂ રહેલ હતો. બપોર બાદ કમોસમી વરસાદે ખમૈયા કરેલ છે.

એકતરફ અમરેલીના મોટા મુખ્ય માર્ગો ઉપર ખોદકામ થયું છે. જેને લઈ શહેરીજનો ભારે મુશ્કેલીમાં હતા. ત્યાં આજે વરસાદે લોકો માટે મુશ્કેલી ઉભી કરી છે. દિવાળી પછી આજથી માર્કેટયાર્ડ તથા સરકારી ઓફિસ આજથી શરૂ થવા જઈ રહી છે. ત્યારે કારતક માસમાં અષાઢી માહોલ સર્જાયો છે.

અમરેલી જિલ્લાના દરિયા કાંઠાના જાફરાબાદ શહેર સહિત કોસ્ટલ બેલ્ટ ગામડાઓમાં ગઈકાલ કમોસમી વરસાદ પડયો હતો. જેને જાફરાબાદ શહેર સહિતના ગામની શેરીઓ પાણીમાં તરબતર થઈ જવા પામેલ હતી.

જયારે રાજુલા પંથકમાં સવાર સવારમાં જ રાજુલામાં ૨ કલાકમાં ૬ ઈંચ જેવો કમોસમી વરસાદ ખાબકતા રાજુલાના માર્ગો ઉપર પાણી વહી ગયા હતા. જયારે રાજુલાના કુંભનાથ મહાદેવ પટાંગણમાં વરસાદી પાણી ભરાયા હતા. રાજુલા તાલુકાના વાવેરા, દિપડિયા, ધારેશ્વર, બરફટાણા, સારોડીયામાં વરસાદ પડતા તથા ઉપરવાસના વરસાદના કારણે ધાતરવડી–૨ ડેમના ૮ દરવાજા ખોલવામાં આવ્યા હતા.

સાવરકુંડલા ગ્રામ્યમાં પંથકમાં ધોધમાર કમોસમી વરસાદ પડતા સાવરકુંડલાના ભમ્મર ગામની ફુલઝર નદીમાં આવ્યું પૂર આવ્યુંછે. જયારે ભમ્મરની જામવાળી નદીમાં આવ્યું પૂર આવ્યાનું જાણવા મળેલ છે. ભારે વરસાદથી ખેડૂતોની મગફળી તણાઈ જવા પામેલ છે અને સાવરકુંડલા મહુવા જવાનો માર્ગ બંધ થઈ જવા પામેલ છે.

આજે સવારે ૬ વાગ્યે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન અમરેલીમાં ૨૨ મીમી વરસાદ, કુંકાવાવમાં ૬, બાબરા ૧૬, લાઠી ૧૮, લીલીયા ૫, બગસરા ૧૯, ધારી ૫, સાવરકુંડલા ૫૨, ખાંભા ૩૨, જાફરાબાદમાં ૯૫ મીમી, રાજુલામાં ૭૭ મીમી વરસાદ નોંધાયો હતો.

જયારે આજે સવારે ૬ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધીમાં અમરેલીમાં વધુ ૩૨ મીમી વરસાદ, કુંકાવાવમાં વધુ ૨, બાબરામાં વધુ ૬, લાઠીમાં વધુ ૧૬, લીલીયામાં વધુ ૧૧૪, બગસરામાં ૧૬, ધારીમાં ૨૪, સાવરકુંડલામાં ૧૦૧, ખાંભામાં ૯૮, જાફરાબાદમાં ૫૬ મીમી, રાજુલામાં ૨૧૦ મીમી વરસાદ નોંધાયો હતો.

**લીલીયા**

લીલીયા શહેર સહિત આસપાસના વિસ્તારમાં ગત મોડી રાત્રીથી ધોધમાર વરસાદ શરૂ થતા આજે વહેલી સવાર સુધીમાં ત્રણથી ચાર ઈંચ વરસાદ પડી જવા પામેલ હતો. આ ધોધમાર વરસાદથી લીલીયા શહેરીની નાવલી નદીના વરસાદી પાણી શહેરની મેઈન બજારમાં ગોઠણડૂબ પાણી ભરાય જતાં લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

જયારે ખારી નદીમાં વરસાદી પૂર આવ્યા હતા. જેને લઈ શહેરના નીલકંઠ સરોવર, ગાયત્રી સરોવર, શ્યામ સરોવરમાં નવા નીરની આવક થઈ હતી. કમોસમી વરસાદથી મગફળી, કપાસ, એરંડા સહિતના ખેતી પાકને ભારે નુકસાન થવા પામેલ છે. તેને લઈ ખેડૂતોને ભારે નુકસાની વેઠવાનો સમય આવ્યો છે. પીપળવા ફાટક પાસે રેલ્વે અંડર બ્રિજની કામગીરી ચાલતી હોવાથી ભેસાણ તરફથી આવતું વરસાદી પાણી સાંઈનાથ પરા વિસ્તારમાં ફરી વળતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. આ પ્રશ્ને લોકોમાં ભારે કચવાટ જોવા મળ્યો હતો.

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૪૭૬ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૮૧૧ | ૮૧૧ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૧૨૦ |
| ૨ | શીંગ મોટી | ૮૫૦ | ૧૦૫૧ |
| ૩ | કપાસ | ૧૫૦૦ | ૧૬૦૨ |
| ૪ | મગ | ૧૪૫૧ | ૨૭૫૧ |

### ગુપ્તચર ઈનપુટ અને ટેકનીકલ સર્વેલન્સનાં આધારે

## રાજુલા : ૨૨ વર્ષથી ફરાર લૂંટનો આરોપી બચ્ચનસિંહ બાવરી મહારાષ્ટ્રથી ઝડપાયો

### મહારાષ્ટ્રનાં બીડ જિલ્લામાંથી કરાઈ અટકાયત



અમરેલી, તા. ૨૭

રાજુલા પોલીસ સ્ટેશનનો આરોપી છેલ્લા ૨૨ વર્ષથી નાસતો ફરતો લૂંટના આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે. રાજુલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સને ૨૦૦૩ લૂંટના ગુનામાં ફરાર આરોપી બચ્ચનસિંહ બાવરી નામના ઈસમને મહારાષ્ટ્રના બીડ જિલ્લામાંથી પકડી પાડવામાં આવ્યો છે.

આ બનાવમાં મળતી માહિતી મુજબ સને ૨૦૦૩ની સાલમાં રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક લૂંટની ગંભીર ઘટના બની હતી. ત્યારથી આરોપી બચ્ચનસિંહ બાવરી પોલીસને હાથતાળી આપી નાશી ગયો હતો. પરંતુ પોલીસ દ્વારા હાથ ધરેલી તપાસ બાદ પણ ધરપકડથી દૂર રહ્યો હતો. પરંતુ રાજુલા પોલીસના તાજેતરના ગુપ્તચર ઈનપુટ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસ ટીમે મહારાષ્ટ્ર સુધી દોડી જઈ આરોપીને ઝડપી પાડયો હતો.

### તસ્કરોએ પણ નવા વર્ષની બોણી કરી

## જાફરાબાદનાં લોઠપુર ગામે લાભ પંચમીએ તસ્કરે મગફળી અને બાજરીની કરી ચોરી

### રૂપિયા ૫૧ હજારનાં મુદ્દામાલની કરી ચોરી

અમરેલી, તા. ૨૭

સામાન્ય રીતે લોકો નવા વર્ષમાં બેસતા વર્ષના દિવસે અથવા તો લાભ પાંચમના દિવસે શુકનવંતી ચોઘડિયામાં પોતાના કામ ધંધાની શરૂઆત કરતા હોય છે. પરંતુ ચોર લોકો આવું કંઈ વિચારતા જ ના હોય ત્યારે જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે મગફળીની ૩૦ ગુણી તથા બાજરીની ગુણી–૬ મળી કુલ રૂપિયા ૫૧,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે રહેતા અને ખેતીકામ કરતાં ભાવેશભાઈ વશરામભાઈ મકવાણા નામના ૩૫ વર્ષિય યુવકના વાડી ખેતરમાં આવેલ ઓરડીના મુખ્ય દરવાજાનું તાળું તોડી કોઈ અજાણ્યા ઈસમે ગત તા. ૨૩ના સાંજના આશરે છએક વાગ્યાથી તા. ૨૪ના સવારના આઠેક વાગ્યા દરમિયાન ઓરડીના અંદરના ભાગે રહેલ મગફળીની ૩૦ ગુણી જેની કિંમત રૂપિયા ૪૫,૦૦૦ તથા બાજરાની ગુણી–૬ કિંમત રૂા. ૬૦૦૦ મળી કુલ રૂપિયા ૫૧,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા તાલુકાના વાંડળીયા ગામે**

બન્ને જુથો અચાનક સામસામા આવી જતા તલવાર લાકડી ધોકા વડે થયેલી મારામારીમાં પટેલ હિતેશભાઈ હરદાસભાઈ શિયાણી (ઉ.વ. ૩૬), પટેલ ભરતભાઈ શંભુભાઈ શિયાણી (ઉ.વ. ૫૦), પટેલ પીયુષભાઈ ગોરધનભાઈ શિયાણી (ઉ.વ. ૪૨), પટેલ વિશાલભાઈ લક્ષ્મણભાઈ શિયાણી (ઉ.વ. ૩૦), પટેલ ભાવિનભાઈ જીવનભાઈ શિયાણીને લોહી નિંગળતી હાલતમાં બાબરા સરકારી દવાખાનામાં સારવાર માટે ખસેડાયાબાદ તમામને વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયાનું અને (૧) હિતેશભાઈ, (૨) ભરતભાઈ નામક ઈજાગ્રસ્ત માથા અને પગના ભાગે ઈજાથી ગંભીર હોવાનું સાંભળવા મળે છે જયારે સામા પક્ષે ક્ષત્રિય સમાજના પ્રતાપભાઈ ચાપરાજભાઈ વાળા સહિત તેમના પરિવારના લોકો હોવાનું પોલીસમાંથી જાણવા મળે છે.

બાબરા પોલીસ હાલ વિધિવત ફરિયાદની સત્ય વિગત માટે રાજકોટ ઈજાગ્રસ્ત પાસે દોડી ગઈ છે બન્ને તરફે વધુ કોઈ અનિચ્છય બનાવ બને નહી માટે વાંડળીયા ખાતે કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૭૬ | ૧૦૭૬ |
| ૨ | કપાસ | ૧૪૫૧ | ૧૪૮૧ |
| ૩ | સોયાબીન | ૭૫૧ | ૭૫૧ |


### જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે હનુમાનપરા રોડ રસ્તે આવેલ રે.સ.નં.૧૫૦ પૈકી ૧થી નોંધાયેલ જમીનમાં આવેલ ‘‘શીવલીલા રેસીડેન્સી’’ નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં. ૫૫ની જમીન ચો.મી. ૧૨૦–૦૦ વાળી મિલ્કત હાલના ધારણકર્તા કથુભાઈ નજકુભાઈ વાળાના નામે રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલ છે અને તેઓના સ્વતંત્ર માલીકી હકકમાં ચાલે છે અને તેઓ પાસેથી સદરહુ મિલ્કત અમારા અસીલ ગીતાબેન જોરૂભાઈ વાળા ખરીદ કરવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ સદરહુ મિલ્કતના ટાઈટલ ડીડઝ રજુ કરેલ છે પરંતુ સદરહુ મિલકતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખોમાં સબંધીત અસલ દસ્તાવેજ મળી આવતો નથી અને ગેરવલ્લે થયેલ છે તેવી રજૂઆત હાલના માલીક કથુભાઈ નજકુભાઈ વાળા તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

**પરાગભાઈ રવિશંકરભાઈ ચાંવ તથા મુકેશભાઈ મોહનભાઈ કાબરીયાએ તા. ૧૭/૧૧/૨૦૧૮ નાં રોજ અનુ.નં. ૪૫૭૩ થી કથુભાઈ નજકુભાઈ વાળાના નામ જોગ કરી આપેલ અસલ દસ્તાવેજ**

સબબ ઉપરોકત લેખ સબંધે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબ્જો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૮માં અમો નીચે સહી કરનાર પાસે લેખિત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (વેવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ કાયદેસરનો અવેજ ચુકવી સદરહું પ્લોટની જમીનનો અઘાટ વેચાણનો લેખ સબરજીસ્ટ્રાર કચેરી અમરેલીમાં કરાવી આપી નોંધાવી આપશે ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની નોંધ લેશો.

તા. ૨૭/૧૦/૨૦૨૫

**ફોરવર્ડ શોપીંગ સેન્ટર,**
**દુકાન નં. ૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી**
**મો. ૯૮૨૫૫ ૨૭૧૦૧**

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા**
**એડવોકેટ**



### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૧૫૦ | ૧૫૪૦ |
| ૨ | મગફળી | ૯૩૮ | ૧૦૫૨ |
| ૩ | મગ | ૧૨૭૦ | ૧૫૫૦ |

## બી.એ.પી.એસ. શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે

# અમરેલી : નૂતન વર્ષના પ્રારંભે એક હજારથી પણ વધુ વિવિધ વાનગીઓનો મહા અન્નકુટ ઉત્સવ યોજાયો

### હરિભકતો, સામાજિક, રાજકિય તથા સંસ્થાકીય આગેવાનોએ દર્શનનો લાભ લીધો



અમરેલી, તા.૨૭

ભગવાન શ્રી કૃષ્ણની ઉપસ્થિતિમાં ગોવર્ધન પૂજારૂપે ગોકુળથી શરૂ થયેલો અન્નકૂટોત્સવ આજે ૫૦૦૦ વર્ષ પછી પણ ભારતીય ભકિત પરંપરાની એક વિશિષ્ટ સ્મૃતિ કરાવે છે. અને ભકિતનું એક અનોખું મોજું પ્રસરાવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે અન્નકૂટોત્સવો રચાવીને પ્રજાને ભકિતરસમાં રસબસ કીધી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ અન્નકૂટની આ ભકિત પરંપરાનો મહિમા સમગ્રવિમાંવિસ્તાર્યોછે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાયેલ અન્નકૂટ ઉત્સવ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસથી લઈને બ્રિટનની પાર્લામેન્ટ, ઈંગ્લેન્ડના 'હાઉસ ઓફ કોમન્સ' સુધી પહોંચાડવાનું ઐતિહાસિક પૃષ્ઠ પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ઉમેરાયું છે.

ત્યારે આજ પરંપરા મુજબ અમરેલી મુકામે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી અને પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી અને પ.પૂ.મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ભારતીય હિન્દુ પરંપરા અનુસાર ૧૦૦૦ કરતા વધુ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ઉત્સવ ગત તા.૨૨ને બુધવારના રોજ સવારે ૮ થી સાંજના ૫ સુધી યોજાયો હતો. આ મહાઅન્નકૂટ ઉત્સવમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાન શ્રી સિતારામ, ભગવાન શ્રી રાધાકૃષ્ણ, ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ, ભગવાન શ્રી શિવ પાર્વતીજી, શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી તથા સમગ્ર ગુરૂપરંપરા સમક્ષ મહાઅન્નકૂટ ધરાવી, ભકતો દ્વારા વિશેષ ભકિત કરી હતી. નવા વર્ષે અન્નકૂટ ઉત્સવના દિવસે સવારે ૮ થી સાંજે ૫ સુધી દર બે કલાકે અન્નકૂટની વિશેષ આરતી આયોજન કરવામાં આવેલ હતું. જે આરતીનો તમામ ભકતજનો લાભ લીધો હતો. આ મહાઅન્નકૂટ ઉત્સવમાં જુદા જુદા સેવાના ૩૦ વિભાગોમાં ૫૫૧ થી પણ વધુ આબાલ-વૃધ્ધ સ્વયંસેવકો પોતાની સેવા આપી હતી. આ અન્નકૂટ ઉત્સવને અનુલક્ષીને સમગ્ર મંદિર પરિસરને સુશોભિત કરવામાં આવેલ હતું. આ અન્નકૂટ ઉત્સવ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સંત નિર્દેશક પૂ.સાધુચરિત સ્વામી, પૂ.વિનયજીવન સ્વામી, પૂ.યોગવીરસ્વામી તથા પૂ.દિવ્યસેતુ સ્વામીના માર્ગદર્શન નીચે તમામ હરિભકતો સેવામાં જોડાયા હતા. આ અન્નકૂટ ઉત્સવ સમાપન થયેથી અન્નકૂટનો પ્રથમ પ્રસાદ અમરેલી શહેરની જુદી જુદી સામાજીક સંસ્થાઓ દ્વારા અમરેલી તથા આજુબાજુના જરૂરીયાતમંદોને ભકતોને પહોંચાડવામાં આવેલ હતો. આ મહાઅન્નકૂટ ઉત્સવના દર્શન કરવા માટે અમરેલી શહેરના હજારોની સંખ્યામાં હરિભકતો, સામાજિક, રાજકિય તથા સંસ્થાકીય આગેવાનોએ દર્શનનો લાભ લીધો.

આ અન્નકૂટ ઉત્સવમાં ભક્ષ્ય, ભોજય, લેહ્ય, ચોષ્ય એમ ચારેય વિભાગની કુલ ૧૦૦૦ વાનગીઓ. જેમાં, ૨૫૧ મીઠાઈ, ૨૦૧ વિવિધ શાક, ૧૫૧ ફરસાણ, ૧૦૧ જયુસ શરબત, ૧૦૧ બેકરીની આઈટમ, ૫૧ અથાણા, ૫૧ મુખવાસ, ૨૫ પ્રકારની દાળ, ૨૫ પ્રકારના ભાત, ભાખરી, રોટલા, રોટલી, થેપલા, પરોઠા, ઢેબરા સહિતની અનેકવિધ વાનગીઓ ધરાવવામાં આવેલ હતી. હિન્દુ પરંપરાગત શૈલી પ્રમાણે અન્નકૂટ રચવામાં આવેલ હતો. પ્રથમ ગોળાકારમાં 'સખડી' એટલે કે મિષ્ટાનો ગોઠવવામાં આવેલ હતા. જયારે દ્વિતિય ગોળાકારમાં 'અનસખડી' એટલે કે દાળ, ભાત, કઠોળ વગેરે તેમજ મધ્યમાં રાંધેલા ચોખાનો 'ગોવર્ધન પર્વત' રચાવામાં આવેલ. સેવાના જુદા જુદા ૩૦ વિભાગોમાં ૫૫૧થી વધારે સ્વયં સેવકો ૧૦ દિવસ સેવામાં જોડાયા હતા. ૧૦ હજારથી વધુ દર્શનાર્થીઓ શાંતિપૂર્વક દર્શન કરી શકે તે માટેનું શિસ્તબધ્ધ આયોજન કરવામાં આવેલ હતું. તેમજ દર બે કલાકે મહા આરતીનું સફળ આયોજન પણ કરવામાં આવેલ હતું. જેમાં શહેર શ્રેષ્ઠીઓની સાથે હરિભકતો જોડાયા હતા.

## અનરાધાર વરસાદે ચિંતા વધારી

# રાજુલા : ધાતરવડી ડેમનાં દરવાજા ખોલાતા અનેક ગામોમાં જળબંબાકાર

### અનેક ગામોનાં રહેણાંક મકાનમાં પાણી ઘુસ્યા



અમરેલી, તા.૨૭

રાજુલા તાલુકાના પીપાવાવધામ વિસ્તારમાં વરસાદ અને ધાતરવડી ડેમ-૨ના ૮ દરવાજા ખોલવાની સ્થિતિને કારણે ગંભીર પાણીની તબાહી સર્જાઈ છે. ડેમમાંથી છોડાયેલા પાણીના પ્રવાહથી પીપાવાવધામ, ચાંચુડી, ગોઠણડૂબ સહિતના ગામડાઓ પાણીમાં તરબતર થયા છે. ગામમાં ઘરો અને રસ્તાઓ પૂરના પાણીથી ભરાઈ ગયાં છે અને સ્થાનિક લોકોમાં તાત્કાલિક ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. ખેતીપાકો પર પણ ભારે અસર પડી છે. મગફળી, કપાસ, ડુંગળી અને અન્ય પાકો પાણીમાં નષ્ટ થતા ખેડૂતો ચિંતામાં છે. પીપાવાવ પોર્ટ વિસ્તાર અને રેલ્વે યુનિટ પણ પાણીમાં ઘસેડાયા છે, જેના કારણે યાત્રીઓ અને પરિવહન વ્યવસ્થા પર અસર પડી છે. તંત્રની ટીમો મોડી રાત્રિના સમયથી જ રાહત અને સુરક્ષા કામગીરી માટે કામ કરી રહ્યા છે. આ ઘટના પર સ્થાનિક લોકો તંત્રની તાત્કાલિક કાર્યવાહી માટે આશા રાખી રહ્યા છે. ખેડૂતો અને ગ્રામજનોએ ભવિષ્યમાં આવા દબાણથી બચવા માટે યોગ્ય આયોજન અને ડેમના પાણીના વિતરણ માટે અગાઉથી સૂચનાઓની જરૂરિયાત દર્શાવી છે.

## ડુંગર પોલીસની સર્તકતાથી

# રાભડા-કણકોટ માર્ગ ઉપર નદીની દીવાલ તુટી જતાં મોટી દુર્ઘટના ટળી

### માર્ગની બંને બાજુથી બંદોબસ્ત ગોઠવી દેવાયો



અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે રામતલિયુ નદી પાસેના રાભડા-કણકોટ જવાના માર્ગ પર સર્જાયેલી અકસ્માતજનક સ્થિતિમાં ડુંગર પોલીસે ત્વરિત અને સરાહનીય કામગીરી કરી છે. આ બનાવમાં રાજુલા તાલુકાના રાભડા-કણકોટને જોડતા માર્ગ પર રામતલિયુ નદીની નજીક રસ્તાની બાજુમાં આવેલી એક દીવાલ અચાનક તૂટી પડવાથી આ રસ્તાનો મોટો ભાગ ધોવાઈ ગયો હતો. દીવાલ તૂટી જવાથી અને રસ્તો ધોવાઈ જવાથી વાહન વ્યવહાર માટે ગંભીર જોખમ ઊભું થયું હતું. જેના કારણે કોઈ મોટી દુર્ઘટના થવાની સંભાવના હતી. આ બાબતની જાણ થતાની સાથે જ ડુંગર પોલીસ સ્ટેશનના અધિકારીઓએ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને પોલીસે તાત્કાલિક પગલાં લીધા હતા. માનવજીવનની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને, પોલીસે તકેદારીના ભાગરૂપે તાત્કાલિક ધોરણે હોમગાર્ડ જવાનોને ઘટના સ્થળે બંદોબસ્ત માટે મોકલી આપ્યા છે. ધોવાણ થયેલા રસ્તાની બંને તરફ સતર્ક બંદોબસ્ત ગોઠવીને હોમગાર્ડ જવાનોએ વાહનચાલકોને જોખમી વિસ્તાર વિશે ચેતવણી આપી હતી. અને વાહન વ્યવહારને સુરક્ષિત રીતે નિયંત્રિત કર્યો હતો. પોલીસની આ ત્વરિત કામગીરીથી કોઈ પણ પ્રકારની જાનહાનિ કે મોટી અકસ્માતની ઘટના ટળી છે. હાલમાં, તંત્ર દ્વારા રસ્તાના સમારકામની કામગીરી શરૂ કરવામાં આવે ત્યાં સુધી પોલીસ અને હોમગાર્ડનો બંદોબસ્ત ચાલુ રહેશે, જેથી લોકો સુરક્ષિત રીતે અવર જવર કરી શકે તે રીતે વ્યવસ્થા ગોઠવી હતી.

# રાજુલામાં પથ્થર પડતા બે વ્યકિત ઈજાગ્રસ્ત



રાજુલા, તા.૨૭

રાજુલાશહેરમાંમોક્ષધામપાસે પથ્થરની ખાણનો પથ્થર ઉપરથી પડતા બે મકાનનુકશાનથવાપામેલઆમકાનપડતા કુલબેવ્યક્તિનેગંભીરઈજાથવાપામેલબંને ઈજાગ્રસ્ત વ્યક્તિ ને રાજુલા સરકારી હોસ્પિટલ સારવાર માટે ૧૦૮ મારફત ખસેડવા આવ્યા. આ ઘટનાની જાણ રાજુલા શહેરપ્રમુખવનરાજવરૂનેથતાતેઘટનાસ્થળ વનરાજવરૂતેમજરાજુલાનગરપાલિકાવોર્ડ ૪ સભ્ય અક્ષયભાઈ ધાખડા તેમજ રાજેશભાઈભાઈ ઝાખરા તેમજ આશિકભાઈમુનિસહિતલોકોદોડીઆવેલ. આ ઘટનાની જાણ રાજુલા ચીફ ઓફિસરને થતા તેમણે રાજુલા પાલિકા એન્જિનિયર પ્રભાતભાઈ જોશી પણ તાત્કાલિક હોસ્પિટલ મોકલી આપેલ અને સ્થળ તપાસ કરવાની સૂચના આપવા આવેલ. આ ઘટનામાં મુક્તાબેન અશોકભાઈ ખેંગાર દિશિતા વિજયભાઈ ખેંગાર ઉમર ૬ માસને બંને લોકોને ઈજા થઈ છે.

























## અનેક જળાશયો, ચેકડેમ, નદી, નાળાઓ પાણીથી છલોછલ

# અમરેલી, રાજુલા, લીલીયા પંથકમાં અનરાધાર વરસાદથી પરેશાની

**ખેતીપાકોને વ્યાપક નુકસાન, સેંકડો નાગરિકોનાં રેસ્કયુ કરાયા તો અનેક માર્ગો ઉપર પાણી ભરાયા**

**ઈંચને બદલે અર્ધા કે પોણા ફૂટ જેટલા વરસાદથી અનેક ગામોમાં જળબંબાકારની સ્થિતિ**

**સ્થાનિક તંત્ર, પોલીસ, ફાયર વિભાગ સતત દોડધામ કરીને જરૂરી મદદ પહોંચાડી રહ્યું છે**

**નવા વર્ષનાં પ્રારંભે જ કમોસમી વરસાદે તબાહી મચાવતા ખેતીપાકોને વ્યાપક નુકસાન**



અમરેલી, તા. ૨૭
ગુજરાતમાંથી ચોમાસાએ કાયદેસર રીતે વિદાય લીધા બાદ પણ હવામાનવિભાગેકરેલીઆગાહીમુજબ અમરેલી શહેર સહિત જિલ્લામાં હળવા ઝાપટાંથીલઈરાજુલામાં૧૦માંદસઈંચ વરસાદ પડયો છે. અમરેલી શહેરમાં છેલ્લા બે દિવસથી કારતક માસમાં અષાઢીમાહોલજામ્યોછે.હળવાથીલઈ ધોધમાર કમોસમી વરસાદ શરૂ રહેવા પામેલ છે. ત્યારે અમરેલી શહેરમાં ગઈકાલ સાંજથી આજે બપોર સુધી ધીમીધારેઅવિરતકમોસમીવરસાદશરૂ રહેવાપામેલહતો.

**અનુસંધાન પાના ૬ ઉપર**

**ધાર્મિક કાર્ય વખતે બાઈક ચલાવવા મુદ્દે થયેલી બબાલ કારણભુત હોવાની ચર્ચા**

# બાબરા તાલુકાના વાંડળીયા ગામે બે જુથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું ખેલાયુ

**પાંચ જેટલા ઈજાગ્રસ્તોને રાજકોટ સારવાર માટે ખસેડાયા : બેની સ્થિતિ ગંભીર**

બાબરા તા. ૨૭
બાબરાતાલુકાના વાંડળીયા ગામેસાંજનાસમયેબેજુથોવચ્ચેશસસ્ત્ર ધીંગાણુંથયાનાસમાચારોમળતાબાબરા પોલીસકાફલોઘટનાસ્થળેદોડીજઈઅને ગ્રામ્યવિસ્તારમાંશાંતિનોમાહોલરાખવા બંદોબસ્તગોઠવીદેવાયોહતોબનાવઅંગે મળતી પ્રાથમિક માહિતી મુજબ થોડા દિવસપહેલાવાંડળીયાગામેગામસમસ્ત માતાજીનામાંડવાનુંઆયોજનથયેલુંહતું જેમાં કોઈ યુવકે માંડવા વચ્ચે બાઈક ચલાવતા ઠપકો આપતા બે પરિવાર વચ્ચે રકજક થવા પામેલી બાદ ગ્રામજનોની મધ્યસ્થી થી મામલો શાંત પડયોહતોબાદઆજસાંજેબન્નેજુથો

**અનુસંધાન પાના ૬ ઉપર**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા





















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)